અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૮ | અંક : ૭૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**મણિપુરમાં વડાપ્રધાન મોદીનું મોટું એલાન**

ભારત સરકાર મણિપુરના લોકોની સાથે છે : અહીં લોકોના જીવનને ફરી વિકાસના માર્ગે લાવવા માટે સરકાર દરેક સંભવ પ્રયાસ કરી રહી છે : મોદી

# વિસ્થાપિતો માટે ૭૦૦૦ મકાન બનાવીશું, ૩૫૦૦ કરોડનું પેકેજ મંજૂર

। (એજન્સી) ઈમ્ફાલ, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણિપુર પહોંચ્યા હતા. લગભગ હિંસાના બે વર્ષ બાદ તેઓ અહીં પહોંચ્યા હતા. જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે ભારત સરકાર મણિપુરના લોકોની સાથે છે. અહીં લોકોના જીવનને ફરી વિકાસના માર્ગે લાવવા માટે સરકાર દરેક સંભવ પ્રયાસ કરી રહી છે. હિંસામાં પોતાનું આશ્રય ગુમાવનારા લોકો માટે સરકાર નવા ૭ હજાર મકાન બનાવશે. આ ઉપરાંત ખાસ મણિપુર માટે કેન્દ્ર સરકાર દ્વારા ૩૦૦૦ કરોડના પેકેજને મંજૂરી અપાયાની પણ પીએમ મોદીએ માહિતી આપી હતી. બીજી બાજુ ખાસ કરીને વિસ્થાપિતો માટે ૫૦૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત પીએમ મોદી દ્વારા કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદી કાર્યક્રમને સંબોધવા માટે મણિપુરના ઈમ્ફાલ પહોંચ્યા હતા જ્યાં કોંગ્રેસ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. વડાપ્રધાનના કાર્યક્રમ સ્થળની નજીક કાંગળાથી થોડીક દૂર કોંગ્રેસ ભવનની બહાર દેખાવ કર્યા હતા. સ્થિતિને જોતા વધારાના સુરક્ષાદળોને તહેનાત કરી દેવામાં આવ્યા હતા જેનાથી દેખાવોનો અંત આણી શકાય. તેમણે રાજ્યમાં શાંતિ, વિકાસ અને વિશ્વાસનો સંદેશ આપ્યો હતો. તેમણે મણિપુરના સામાજિક અને આર્થિક વિકાસ માટે ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે, મણિપુરના નામમાં મણિ છે, આ એ મણિ છે જે આવનારા સમયમાં સમગ્ર પૂર્વોત્તર ભારતની ચમક વધારશે. ભારત સરકારનો સતત પ્રયાસ રહ્યો છે કે મણિપુરને વિકાસના માર્ગ પર ઝડપથી આગળ લઈ જવામાં આવે. આ સંદર્ભમાં, હું આજે તમારા બધા વચ્ચે આવ્યો છું. પોતાની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ મણિપુરને ૭ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ ભેટમાં આપ્યા. તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, થોડા સમય પહેલા, આ મંચ પરથી લગભગ ૭ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ્સ મણિપુરના લોકો, અહીંના ટેકરીઓ પર રહેતા આદિવાસી સમાજનું જીવન વધુ સારું બનાવશે. તેમણે કહ્યું, તમે બધા જાણો છો કે પહેલા અહીંના ગામડાઓ સુધી પહોંચવું કેટલું મુશ્કેલ હતું. હવે સેંકડો ગામડાઓને રોડ કનેક્ટિવિટી આપવામાં આવી છે. પહાડી લોકો, આદિવાસી ગામડાઓને આનો ઘણો ફાયદો થયો છે. અમારી સરકાર દરમિયાન જ મણિપુરમાં રેલ કનેક્ટિવિટી વિસ્તરી રહી છે. જીરીબામ-ઈમ્ફાલ રેલ્વે લાઈન ખૂબ જ ટૂંક સમયમાં રાજધાની ઈમ્ફાલને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડશે. મુખ્ય સચિવ ગોયલે કહ્યું હતું કે, શાંતિ એટલે માત્ર હિંસાનો અભાવ જ નહીં, પરંતુ વિશ્વાસ, સદ્ભાવ અને સમાધાન પણ જરૂરી છે. આ પ્રકારે, વડાપ્રધાન મોદીની મણિપુરની મુલાકાતથી રાજ્યમાં શાંતિ, સામાન્ય સ્થિતિ અને વિકાસનો માર્ગ મોકળો કરશે.

## પહેલગામ હુમલાનો ભોગ બનેલા શુભમની પત્નીએ વ્યક્ત કર્યું દુઃખ



। નવી દિલ્હી, તા.૧૩ ।

પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા શુભમ દ્વિવેદીની પત્ની ઐશાન્યા દ્વિવેદીએ આગામી ભારત-પાકિસ્તાન એશિયા કપ ૨૦૨૫ મેચનો સખત વિરોધ કર્યો છે અને દરેકને મેચનો બહિષ્કાર કરવાની અપીલ કરી છે. તેણે કહ્યું કે હુમલામાં જીવ ગુમાવનારા ૨૬ લોકોના બલિદાનને અવગણવામાં આવી રહ્યું છે અને પાકિસ્તાન જેવા આતંકવાદી રાષ્ટ્ર સાથે ક્રિકેટ રમવું એ શહીદ પરિવારોના ઘા પર મીઠું ભભરાવવા જેવું છે. ઐશાન્યા દ્વિવેદીએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની ટીકા કરતા કહ્યું કે બોર્ડ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ૨૬ લોકોના પરિવારો પ્રત્યે સંવેદનશીલ નથી. દ્વિવેદીએ કહ્યું કે BCCIએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ રમાડવી ના જોઈએ. મને લાગે છે કે BCCI ૨૬ પરિવારો અને ઓપરેશન સિંદૂરના શહીદો પ્રત્યે લાગણીશીલ નથી.

## તૂટેલા હાડકાંને જોડવા માટે ચીને નવું સંશોધન કર્યું

# ચીનના વૈજ્ઞાનિકોએ એક એવું બોન ગ્લુ (હાડકાનો ગુંદર) બનાવ્યો

### આ બોન ગ્લુની ખાસિયત એ છે કે, તે ખૂબ ઝડપથી, એટલે કે બે થી ત્રણ મિનિટમાં હાડકાંને ચોંટાડી દે છે, પછી ભલે તે જગ્યાએ લોહી હોય કે ન હોય

। (એજન્સી) બેઈજીંગ, તા.૧૩ ।

નવા નવા સંશોધનને કારણે વિજ્ઞાન દિવસેને દિવસે આગળ વધી રહ્યું છે. આ વચ્ચે ચીનના વૈજ્ઞાનિકોએ એક એવું બોન ગ્લુ (હાડકાનો ગુંદર) બનાવ્યું છે, જે હાડકાંના ભાંગેલા કે તૂટેલા હાડકાંને માત્ર ત્રણ મિનિટમાં જ જોડી શકે છે. આ ગુંદરનું નામ બોન ૦૨ છે અને તેનો ઉપયોગ હાડકાંની સારવારમાં કરવામાં આવે છે. આ શોધ ઓર્થોપેડિક સર્જરીમાં એક મોટી સફળતા માનવામાં આવી રહી છે, કારણ કે હાડકાંને જોડવા માટે અસરકારક ગુંદર બનાવવો એ લાંબા સમયથી એક પડકારજનક કાર્ય હતું.



ગ્લોબલ ટાઈમ્સ અનુસાર, ઝેજિયાંગ પ્રાંતની સર ૨ન ૨ન શૉ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન લિન ઝિયાનફેંગે આ ગુંદર બનાવ્યો છે. તેમને આ વિચાર પુલ પર ચોંટેલા સમુદ્રમાં ઓઈસ્ટર્સ (શંખ) ને જોઈને આવ્યો હતો. ઓઈસ્ટર્સ પાણીની અંદર પણ મજબૂત રીતે ચોંટી જાય છે, અને આ જ પ્રકારની મજબૂતી માટે લિન ઝિયાનફેંગે હાડકાંના ગુંદરને બનાવવાની શંખમાંથી પ્રેરણા લીધી હતી.આ બોન ગ્લુની ખાસિયત એ છે કે, તે ખૂબ ઝડપથી, એટલે કે બે થી ત્રણ મિનિટમાં હાડકાંને ચોંટાડી દે છે, પછી ભલે તે જગ્યાએ લોહી હોય કે ન હોય. આ ઉપરાંત, જેમ જેમ હાડકું સામાન્ય થતું જાય છે, તેમ તેમ આ ગુંદર શરીરમાં કુદરતી રીતે ગાયબ (શોષાય) થઈ જાય છે. આથી, દર્દીઓને બીજી સર્જરી કરાવવાની જરૂર પડતી નથી, જે ઘણીવાર સ્ક્રૂ કે પ્લેટ દૂર કરવા માટે કરવી પડે છે.

સંશોધનમાં આ ગુંદર સલામત અને અસરકારક સાબિત થયું છે.

એક ટેસ્ટમાં, તેનો ઉપયોગ કરીને ત્રણ મિનિટથી ઓછા સમયમાં હાડકું જોડવામાં આવ્યું હતું, જ્યારે પરંપરાગત પદ્ધતિઓમાં મોટો ચીરો કરીને સ્ટીલની પ્લેટ અને સ્ક્રૂ નાખવા પડે છે. જણાવી દઈએ કે, આ ગુંદરનો ઉપયોગ ૧૫૦થી વધુ દર્દીઓ પર સફળતાપૂર્વક કરવામાં આવ્યો છે.

પરીક્ષણોમાં જાણવા મળ્યું હતું કે, આ ગુંદર ૪૦૦ પાઉન્ડથી વધુ વજન સહન કરી શકે છે અને તેની શીયર સ્ટ્રેન્થ 0.5 MPa અને કમ્પ્રેસિવ સ્ટ્રેન્થ 10 MPa જેટલી છે. આનાથી એવું લાગે છે કે, આ ગુંદર પરંપરાગત પ્લેટ અને સ્ક્રૂનું સ્થાન લઈ શકે છે. આ ઉપરાંત, તે શરીરમાં રિએક્શન કે ચેપનું જોખમ પણ ઘટાડે છે.

આજે બજારમાં ઘણા બોન સિમેન્ટ અને બોન વોઈડ ફિલર્સ ઉપલબ્ધ છે, પરંતુ તેમાં ગુંદર જેવી ચોંટવાની ક્ષમતા જોવા મળતી નથી. ઉલ્લેખનીય છે કે, ૧૯૪૦ના દાયકામાં પહેલા બોન ગુંદર બનાવવાનો પ્રયાસ થયો હતો, પરંતુ તે જેલેટીન, ઈપોક્સી રેઝિન અને એક્રીલેટ્સ પર આધારિત હતા અને શરીર સાથે સુસંગત ન હોવાને કારણે નિષ્ફળ ગયા હતા. બોન ૦૨ આ દિશામાં એક મોટું પગલું છે, જે દર્દીઓની સારવારને વધુ સરળ અને સલામત બનાવી શકે છે.

# મિઝોરમમાં કુતુબ મિનાર કરતાં પણ ઊંચો રેલવે બ્રિજ તૈયાર

### વડાપ્રધાને આઈઝોલમાં ૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ-ઉદઘાટન કર્યું છે

। (એજન્સી) મિઝોરમ, તા.૧૩ ।



વડાપ્રધાન નરેન્દ્ર મોદી મિઝોરમ, મણિપુર, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારના પ્રવાસે છે. તેઓ મિઝોરમમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે રાજ્યને રેલવેની ભેટ આપી છે. વડાપ્રધાને મિઝોરમના આઈઝોલમાં ૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદઘાટન કર્યું છે. તેમાં મુખ્ય છે વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓ અને મિઝોરમમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે રૂ. ૮,૦૭૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર બૈરાબી-સૈરાંગ રેલ લાઈન પ્રોજેક્ટ જે મિઝોરમની રાજધાનીને પ્રથમ વખત ભારતીય રેલ નેટવર્ક સાથે જોડશે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ શુક્રવારે મિઝોરમ પહોંચ્યા હતા અને આ નવા રેલવે પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ બાદ અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, મિઝોરમને જોડવાનો પ્રોજેક્ટ ખૂબ જ મુશ્કેલ હતો. જેવી રીતે કાશ્મીરમાં ચિનાબ બ્રિજ એફિલ ટાવરથી ઊંચો છે, તેવી જ રીતે મિઝોરમમાં કુતુબ મિનારથી ઊંચો બ્રિજ બનાવવામાં આવ્યો છે.

એક પડકારજનક પહાડી વિસ્તારમાં બનેલા આ રેલવે લાઈન પ્રોજેક્ટમાં જટિલ ભૌગોલિક પરિસ્થિતિઓમાં ૪૫ ટનલ બનાવવામાં આવી છે. આ ઉપરાંત તેમાં ૫૫ મોટા બ્રિજ અને ૮૮ નાના બ્રિજ પણ સામેલ છે. રેલવે મંત્રાલયના જણાવ્યા પ્રમાણે મિઝોરમ અને દેશના બાકીના ભાગો વચ્ચે સીધો રેલ સંપર્ક પ્રદેશના લોકોને સુરક્ષિત, કાર્યક્ષમ અને સસ્તું મુસાફરી વિકલ્પો પ્રદાન કરશે. તે અનાજ, ખાતરો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો સમયસર અને વિશ્વસનીય પુરવઠો પણ સુનિશ્ચિત કરશે, જેનાથી સમગ્ર લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને ક્ષેત્રીય પહોંચ વધશે. વડાપ્રધાન મોદીએ આ અવસર પર ત્રણ નવી એક્સપ્રેસ ટ્રેનો, સૈરાંગ (આઈઝોલ)-દિલ્હી (આનંદ વિહાર ટર્મિનલ) રાજધાની એક્સપ્રેસ, સૈરાંગ-ગુવાહાટી એક્સપ્રેસ અને સૈરાંગ-કોલકાતા એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપી છે. આઈઝોલ હવે એક રાજધાની એક્સપ્રેસ દ્વારા સીધા દિલ્હી સાથે જોડાશે. સૈરાંગ-ગુવાહાટી એક્સપ્રેસ મિઝોરમ અને આસામ વચ્ચે અવરજવરને સરળ બનાવશે.

## ભારત પાકિસ્તાનની સાથે દ્વિપક્ષીય ટુર્નામેન્ટ રમતું નથી

। નવી દિલ્હી, તા.૧૩ ।

એશિયા કપ ૨૦૨૫માં ભારતે ૧૪ સપ્ટેમ્બરે પાકિસ્તાન સામે પોતાની આગામી મેચ રમવાની છે, પરંતુ તે પહેલાં ઘણો હોબાળો મચી ગયો છે. આનું કારણ એ છે કે ભારતીય ચાહકો આતંકવાદને સમર્થન આપતા દેશ સાથે કોઈપણ ક્રિકેટ મેચ રમવાના સમર્થનમાં નથી. એશિયા કપ ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ભારતીય લોકોમાં રોષ છે. ત્યારે આ અંગે મેચના એક દિવસ પહેલા ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે મોટું નિવેદન આપ્યું છે. એશિયા કપ ૨૦૨૫માં યોજાનારી ભારત vs પાકિસ્તાન મેચ પર ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે કહ્યું, જ્યારે ACC અથવા ICC દ્વારા બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે, ત્યારે દેશો માટે તેમાં ભાગ લેવો એક મજબૂરી અને આવશ્યકતા બની જાય છે. જો તેઓ આમ નહીં કરે, તો તેઓ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે, તેમને મેચ છોડી દેવી પડશે અને બીજી ટીમને પોઈન્ટ મળશે. પરંતુ ભારત પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય ટુર્નામેન્ટ રમતું નથી. અમે વર્ષોથી આ નિર્ણય લીધો છે કે જ્યાં સુધી પાકિસ્તાન ભારત પર આતંકવાદી હુમલા બંધ ન કરે, ત્યાં સુધી ભારત પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય ટુર્નામેન્ટ નહીં રમે.

## ઓડિશાની હચમચાવતી ઘટના

# હોસ્ટેલમાં ઊંઘતા ૮ વિદ્યાર્થીની આંખમાં ફેવીક્વિક નાખી દેતા આંખો ચોંટી

**આંખો ચોટી જવાના કારણે વિદ્યાર્થીઓ આંખો ખોલી શકતાં ન હતા, જેથી તેમને હોસ્પિટલમાં લઈ જવાયા**

। (એજન્સી) કંધમાલ, તા.૧૩ ।

ઓડિશાના કંધમાલ જિલ્લાના ફિરંગિયા બ્લોકના સલાગુડામાં આવેલી સેવાશ્રમ સ્કૂલનો એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહીં કેટલાક સૂતેલા સહાધ્યાયીઓ ૮ વિદ્યાર્થીઓની આંખોમાં ફેવિકિક નાખી દીધી હતી. જેના કારણે આ વિદ્યાર્થીઓની આંખો ચોંટી ગઈ હતી, જેથી તાત્કાલિક તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલો સેવાશ્રમ સ્કૂલના હોસ્ટેલનો હોવાનું કહેવાય છે. કલેક્ટરે હાલમાં આ સમગ્ર ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. મળતી માહિતી પ્રમાણે કંધમાલ જિલ્લાના ફિરંગિયા તાલુકાના સલાગુડામાં સેવાશ્રમ સ્કૂલ છે. અહીં શુક્રવારે મોડી રાત્રે જ્યારે વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં સૂતા હતા, ત્યારે કેટલાક સહાધ્યાયીઓ ૮ વિદ્યાર્થીઓની આંખોમાં ફેવિકિક નાખી હતી.

## પંચર ચેક કરતાં ડ્રાઈવર-કંડક્ટરનું અજાણ્યા વાહનની અડફેટે મોત

। મુંબઈ, તા.૧૩ ।

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર દેરોલ ગામ નજીક ટ્રકનું પંચર ચેક કરી રહેલ ડ્રાઈવર અને કંડકટરને અજાણ્યા વાહનના ચાલકે અડફેટે લેતા સ્થળ પર જ બંનેના કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. ટ્રાન્સપોર્ટ સંચાલકની ફરિયાદના આધારે ભરૂચ રૂરલ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે મોટર વ્હીકલ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી હતી.

# ‘ટેરિફ લાદવાને કારણે ભારત સાથે સંબંધોમાં તિરાડ પડી’

### ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્રે વારંવાર ભારત વિરુદ્ધ આક્રમક નિવેદનો આપ્યા છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે રશિયા પાસેથી ઓઇલ ખરીદવાનું ચાલુ રાખશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વીકાર કર્યો કે, ‘મારા દ્વારા લાદવામાં આવેલા ટેરિફથી ભારત સાથે અમેરિકાના સંબંધોમાં તણાવ પેદા થયો છે.’ ટ્રમ્પે કહ્યું હતું કે રશિયન ઓઈલ ખરીદવા બદલ ભારત સામે ટેરિફ લાદવાથી અમારા સંબંધોમાં તિરાડ પડી છે. અમેરિકના પ્રમુખે એ પણ સ્વીકાર્યું હતું કે ભારત સામે ૫૦ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય સરળ નહોતો. આ સાથે, ટ્રમ્પે ફરી એકવાર ભારત-પાકિસ્તાન યુદ્ધ રોકવાના પોતાના દાવાને પુનરાવર્તિત કર્યો છે. એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે ભારત સામે ટેરિફ અને સંબંધોમાં



તણાવ વિશે વાત કરી હતી. આ વિશે વધુ વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, ભારત રશિયન ઓઈલનો મોટો ગ્રાહક છે. મેં ભારત પર ૫૦ ટકા ટેરિફ એટલા માટે લાદ્યો છે કેમ કે તે રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે. ભારત સામે ટેરિફનો નિર્ણય લેવો સરળ નહોતું. આ એક મોટી વાત છે કેમ કે તેના લીધે અમેરિકા-ભારતના સંબંધોમાં તિરાડ ઊભી થઈ છે. ટ્રમ્પનું નિવેદન મહત્ત્વનું છે કારણ કે, ભારતીય માલ પર ૫૦ ટકા ટેરિફ લાદ્યા બાદથી અમેરિકા-ભારતના સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્રે વારંવાર ભારત વિરુદ્ધ આક્રમક નિવેદનો આપ્યા છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશે. યુક્રેન યુદ્ધ રોકવા અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પર કડક કાર્યવાહી કરવાના પ્રશ્ન પર ટ્રમ્પે કહ્યું, ‘મેં આ પહેલાથી જ કર્યું છે. મેં ઘણું કર્યું છે. યાદ રાખો કે આ આપણા કરતાં યુરોપની સમસ્યા વધુ છે.

## બસ્તરમાં નક્સલીઓની મહિલા કમાન્ડરનું સરન્ડર

। (એજન્સી) બસ્તર, તા.૧૩ ।

છત્તીસગઢમાં સુરક્ષા દળોના વધતા દબાણ અને સતત એન્ટી નક્સલ ઓપરેશનને ધ્યાનમાં રાખીને બસ્તરમાં આતંક ફેલાવનાર ૧ કરોડની ઈનામી કુખ્યાત મહિલા નક્સલવાદી સુજાતાએ આખરે સરેન્ડર કરી દીધુ છે. હાલમાં છત્તીસગઢના નક્સલવાદી મોરચામાં સુરક્ષા દળોનો ખૂબ ડર છે. આવી સ્થિતિમાં સુજાતાના સરેન્ડરથી બસ્તર ડિવિઝનમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાન વચ્ચે માઓવાદી સંગઠનને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. સુજાતા ઘણા વર્ષોથી દક્ષિણ બસ્તરમાં એક્ટિવ હતી અને નક્સલવાદીઓના દક્ષિણ સબ ઝોન બ્યુરો ઈન્ચાર્જ રહી ચૂકી છે. સુજાતા પર એક કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુજાતાએ



તેલંગાણામાં સરેન્ડર કર્યું છે. તેના સરેન્ડરથી માઓવાદી સંગઠનને મોટો ઝટકો લાગ્યો છે. આ સરેન્ડર નક્સલી સંગઠનનું મનોબળ તોડી નાખનારું સાબિત થશે. ખાસ વાત એ છે કે, સુજાતા કુખ્યાત નક્સલી કમાન્ડર કિશનજીની પત્ની છે, જે થોડા વર્ષો પહેલા પશ્ચિમ બંગાળમાં એક એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો.

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે ગમે ત્યારે થઈ શકે એલાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતીય જનતા પાર્ટી અનેક મહિનાથી રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી ટાળી રહી છે. તેનું સૌથી મોટું કારણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે ભાજપના ટોચના નેતૃત્વના સંબંધમાં તણાવને માનવામાં આવી રહ્યો છે. જો કે છેલ્લા કેટલાક મહિનાથી બંને તરફથી સંબંધોને સામાન્ય કરવાની અને દેખાડવાની કોશિશ થઈ રહી છે. આરએસએસ અને ભાજપના ટોચના નેતૃત્વએ જ તેની જવાબદારી સંભાળી છે. ત્યારબાદ હવે એ વાતની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે કે ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષના નામની જાહેરાત પાર્ટી ગમે ત્યારે કરી શકે છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે આરએસએસની જરૂરિયાતને લઈને નિવેદન આપ્યું તો દરેક જણ આશ્ચર્યચકિત થઈ



ગયા હતા. સૂત્રોનું કહેવું છે કે આરએસએસને પણ એ વાત કદાચ ન ગમી. જેનું પરિણામ પણ ભગવા પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં કદાચ જોઈ લીધુ. જ્યારે ભાજપને ૨૪૦ સીટો જ આવી. એ પણ એવા સમયે કે જ્યારે પાર્ટીએ ૪૦૦ પારનો નારો આપ્યો હતો. એવું કહેવાય છે કે સંઘના કાર્યકરોએ આ ચૂંટણીમાં અનિચ્છાએ ભાજપને ટેકો આપ્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## અતિવૃષ્ટિ ગ્રસ્ત ચાર તાલુકામાં ઘાસચારો આપવામાં આવશે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૩ ।

બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં આવેલા ભારે વરસાદ અને પૂરને કારણે સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે પશુપાલકો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પૂરગ્રસ્ત વિસ્તારોના પશુધનને બચાવવા માટે તેમને મફત ઘાસચારો પૂરો પાડવામાં આવશે. આ નિર્ણયથી અસરગ્રસ્ત વિસ્તારોના હજારો પશુપાલકોને મોટી રાહત મળશે.

આ નિર્ણય અનુસાર, અતિવૃષ્ટિથી સૌથી વધુ પ્રભાવિત થયેલા બનાસકાંઠા જિલ્લાના ચાર તાલુકાઓ વાવ, સુઈગામ, થરાદ અને ભાભરમાં પશુઓને મફત ઘાસચારો આપવામાં આવશે. આ ચાર તાલુકાઓમાં અંદાજે ૬.૮૪ લાખ પશુધન છે, જેમને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

પશુધનની દસ દિવસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, કુલ ૨૭,૩૮૪ ટન ઘાસચારો આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. આટલી મોટી માત્રામાં ઘાસચારો પૂરો પાડવાનો હેતુ એ છે કે પૂરને કારણે ખેતરોમાં ઊભેલા પાકને અને પશુઓ માટેના ઘાસચારાને થયેલા નુકસાનની ભરપાઈ કરી શકાય. પશુપાલકોને પોતાના પશુઓ માટે ઘાસચારાની ચિંતામાંથી મુક્તિ મળશે. આ સમગ્ર પ્રક્રિયાને અમલમાં મૂકવા માટે મહેસૂલ વિભાગ દ્વારા પત્ર પણ જાહેર કરવામાં આવ્યો છે. આ પત્રમાં ઘાસચારાના વિતરણ માટેની સંપૂર્ણ વ્યવસ્થા અને માર્ગદર્શિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી પશુપાલકોને તાત્કાલિક મદદ મળી રહેશે અને પશુધનને જીવિત રાખવામાં પણ સહાયતા થશે.

## સોલા સિવિલમાં જ ૭ દિવસમાં ૧૫ હજાર કેસ, લોકોની ચિંતા વધી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદમાં આ વર્ષે ચોમાસાની ઋતુમાં રોગચાળો ચિંતાજનક રીતે ફેલાઈ રહ્યો છે, જેના કારણે હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં ભારે વધારો થયો છે. ખાસ કરીને સોલા સિવિલ હોસ્પિટલની વાત કરીએ તો છેલ્લા એક જ અઠવાડિયામાં ડેન્ગ્યુ અને અન્ય વાયરલ ઈન્ફેક્શનના લગભગ ૧૫,૦૦૦ કેસ નોંધાયા છે. આ આંકડો દર્શાવે છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે.હોસ્પિટલની ઓપીડીમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. મોટાભાગના કેસ શરદી, ખાંસી, અને તાવના છે, જે વાયરલ ઈન્ફેક્શનના સામાન્ય લક્ષણો છે. આ ઉપરાંત, ઘણા દર્દીઓ ગળામાં દુખાવો અને કફની સમસ્યાથી પણ પીડાઈ રહ્યા છે. આ પરિસ્થિતિને જોતાં હોસ્પિટલ દ્વારા દર્દીઓને દવાઓનો પૂરતો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે.




નેપાળના કાઠમંડુમાં નેપાળ આર્મી હેડક્વાર્ટરની બહાર સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોએ વિરોધ પ્રદર્શન કર્યું.

### કોટડા સાંગાણીના પીપલાણા ગામની હૃદયદ્રાવક ઘટના

## પુત્રની લાલચમાં માતાએ બે મહિનાની દીકરીને પાણીમાં ડુબાડીને મારી નાખી

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

પુત્રની લાલસામાં માતા-પિતા કેવાં હદ સુધી જઈ શકે છે તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રાજકોટના કોટડા સાંગાણી તાલુકાના પીપલાણા ગામે એક માતાએ પુત્રની લાલચમાં બે મહિનાની પોતાની દીકરીને રસોડાના પાણીના ટાંકામાં ડુબાડી મોતને ઘાટ ઉતારી દીધી. આ હૃદયદ્રાવક ઘટના ચાર મહિના પહેલા બની હતી, પરંતુ હવે પતિની ફરિયાદ પરથી પોલીસે આ મામલે કાર્યવાહી શરૂ કરી છે. પીપલાણા ગામના રહેવાસી સાજીદભાઈ ગુલાબભાઈ કાયાણીએ પોતાની પત્ની મુસ્કાન વિરુદ્ધ હત્યાની ફરિયાદ દાખલ કરી છે. પોલીસ ફરિયાદ મુજબ, સાજીદભાઈ અને મુસ્કાનને બે દીકરીઓ છે. મોટી દીકરી નુરેના ૬ વર્ષની છે, જ્યારે બીજી દીકરી આયેશાનો જન્મ ૧૫ માર્ચ, ૨૦૨૫ના રોજ થયો હતો. મુસ્કાનને પુત્ર જોઈતો હતો, પરંતુ બીજી પણ દીકરી જન્મતાં તે નારાજ હતી.સાજીદભાઈએ પોલીસને જણાવ્યું કે, ૨૩ મે, ૨૦૨૫ના રોજ તેઓ કામ પર ગયા હતા અને ઘરે તેમની પત્ની અને બંને દીકરીઓ એકલી હતી. સાંજે લગભગ પાંચ વાગ્યે મુસ્કાનનો ફોન આવ્યો કે નાની દીકરી આયેશા ઘોડિયામાં નથી. શોધખોળ કરતાં પરિવારજનોએ તેને રસોડાના પાણીના ટાંકામાંથી બહાર કાઢી. તાત્કાલિક હોસ્પિટલ લઈ જવા છતાં બે મહિનાની બાળકીનું મૃત્યુ થયું હતું.

### રોડની દીવાલ બનાવવાનું કામ યુદ્ધના ધોરણે શરુ

## પ્રવેશબંધી ઉઠાવી લેવાતાં હિલસ્ટેશન માઉન્ટ આબુ પર્યટકોથી ધમધમ્યું

। (એજન્સી) માઉન્ટ આબુ,તા.૧૩ ।

તાજેતરમાં માઉન્ટ આબુમાં પડેલા ભારે વરસાદને કારણે ઘુમ રોડ પરનો રસ્તો ધોવાઈ ગયો હતો. જેને કારણે ત્રણ દિવસ પ્રવાસીઓ માટે બંધ કરાયું હતું. જેને કારણે બજારો સુમસામ બની હતી. આ દરમિયાન રોડને લઈ થયેલા કામ બાદ પ્રવાસીઓ અને નાના વાહનોના પ્રવેશબંધી ઉઠાવી લેતાં ગુરુવારે માઉન્ટ આબુ પર્યટકોથી ધમધમી ઉઠ્યું હતું. માઉન્ટ આબુથી આબુ રોડનો ઘુમ નજીક ૨૪ ફૂટનો રસ્તો છે જે પૈકી ૯ ફૂટ સુધી ધોવાઈ ગયો હતો. જેને કારણે પહેલાં મોટા વાહનો અને ત્યારબાદ સોમવારથી નાના વાહનો અને પર્યટકોના આવવા પર પ્રવેશબંધી કરાઈ હતી. આ દરમિયાન જાહેર બાંધકામ વિભાગના અધિક્ષક ઈજનેર રમેશ બરાડા અને માઉન્ટ આબુના સબ-ડિસ્ટ્રિક્ટ કલેક્ટર ડૉ. અંશુ પ્રિયાના વડપણ હેઠળ કામગીરી શરૂ કરવામાં આવી છે. રમેશ બરાડાએ દાવો કર્યો છે કે ૭ દિવસમાં એક બોક્સ બનાવીને દીવાલનું RCC ભરવામાં આવી રહ્યું છે જેમાં છિદ્રો પણ બનાવવામાં આવશે જેથી ભવિષ્યમાં પાણી નીકળી શકે.૨૨ મીટર ઊંચી અને ૧૨થી ૧૩ મીટર જાડી દીવાલ બનાવવામાં આવી રહી છે. બ્લોક બનાવવામાં આવશે અને RCC નાખવામાં આવશે જેથી આબુ રોડ માઉન્ટ આબુ માર્ગ પર આવી ઘટના ન બને. માઉન્ટ આબુના સબડિવિઝન અધિકારી ડૉ. અંશુ પ્રિયાએ પણ સ્થળનું સતત નિરીક્ષણ કર્યું.

### નૌશલ ઠાકોર નામના યુવકની હતી

## ૫ હત્યારોઓએ હત્યાને અંજામ આપી મીનીટોમાં જ ફરાર થયા




। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

પાલડી પોલીસ સ્ટેશનથી અંદાજે ૧૧૭ ડગલા દૂર ક્રુરતાથી હત્યાનો બનાવ સામે આવ્યો છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારની વહેલી સવારે નૌશલ ઠાકોર નામના યુવકની નંબર પ્લેટ વગરની કારમાં આવેલા ૫ હત્યારોઓએ હત્યાને અંજામ આપી મીનીટોમાં જ ફરાર થઈ ગયા હતા. સીસીટીવીમાં તમે એક વ્યક્તિને પહેલા પાડી દેવામાં આવે છે, બાદમાં અંદાજે ૫ શખ્સો હાથમાં હથિયાર લઈને એક બાદ એક અનેક ઘા કરીને હત્યા નિપજાવી રહ્યા છે અને મિનિટોમાં જ ફરાર થઈ જાય છે. આ સમગ્ર બનાવ અમદાવાદના પાલડી પોલીસે સ્ટેશનના ૧૧૭ ડગલા દૂર આવેલા સહજાનંદ પ્લાઝા નજીકના છે, જ્યાં શુકરવા ની વહેલી સવારે નૌશલ ઠાકોર આવ્યો હતો. ત્યારે જ એક નંબર પ્લેટ વગરની શિફ્ટ કાર આવી જેમાંથી અંદાજે ૫ જેટલા શખ્સો તીક્ષ્ણ હથિયારથી નૌશલ ઠાકોર પર તૂટી પડ્યા હતા અને મિનિટોમાં જ નૌશલ ઠાકોરની હત્યા કરી હત્યારાઓ પાલડી પોલીસ સ્ટેશન નજીક જ હત્યા કરીને ફરાર થઈ ગયા હતા. આ હત્યાનો બનાવ બનતા ની સાથે જ ઘટના સ્થળ પર પોલીસ પહોંચી અને તપાસ શરૂ કરી હતી. જેમાં હત્યાના સીસીટીવી સામે આવતાની સાથે જ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હત્યારાઓ ની ઓળખ અને કાર ની ઓળખ કરવાની શરૂવાત કરી છે ત્યારે પોલીસે વધુ એ તપાસ હાથ ધરી છે કે હત્યા કરવા પાછળનું કારણ શું છે અને હત્યારા કરનારા કોણ છે ત્યારે પાલડી પોલીસ સ્ટેશન થી માત્ર ૧૧૭ જ ડગલા દૂર હત્યા થતા પોલીસ ના પેટ્રોલિંગ અને કાયદા અને વ્યસ્થા પર પણ અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે. પાલડી પોલીસ અલગ અલગ થિયરી પર તપાસ શરૂ કરી છે જેમાં મૃતક નૌશલ ઠાકોર ભૂતકાળ માં એક હત્યાના બનાવમાં સંડોવાયેલ હતો, તેની અદાવત માં આ હત્યા થઈ છે કે પછી મૃતક નૌશલ ઠાકોર જમીન લે વેચ ના વ્યવસાય સાથે પણ જોડાયેલ છે તેની કોઈ અદાવતમાં હત્યા કરવા માં આવી છે આ પ્રકારે અલગ અલગ દિશા માં પાલડી પોલીસે તપાસ શરૂ કરી છે

### અમૂલમાં ભગવો લહેરાયો

## પૂર્ણ બહુમતિથી અમૂલ ડેરીની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય

### ૭ બેઠકો પર ભાજપનો અને બે બેઠકો પર કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારોનો વિજય થતા ભાજપે પૂર્ણ બહુમતથી અમૂલમાં સત્તા હસ્તગત કરી હતી

। (એજન્સી) આણંદ, તા.૧૩ ।

આણંદના ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહકારી સંઘના નિયામક મંડળની ૧૨ સામાન્ય અને એક વ્યક્તિગત બેઠક સહિત ૧૩ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં ચાર બેઠકો પર ભાજપનો બિનહરીફ વિજય થતા કુલ ૯ બેઠકો માટે યોજાયેલા મતદાનની મત ગણતરી આજે હાથ ધરવામાં આવી હતી, જેમાં ૭ બેઠકો પર ભાજપનો અને બે બેઠકો પર કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારોનો વિજય થતા ભાજપે પૂર્ણ બહુમતથી અમૂલમાં સત્તા હસ્તગત કરી હતી. આણંદની અમૂલ ડેરીની નવ બેઠકોની મત ગણતરીના પરિણામ આજે જાહેર થતા જેમાં ૯ બેઠકોમાં વ્યક્તિગત બેઠક પર ભાજપના ઉમેદવાર તેમજ ૮ સામાન્ય પૈકી ૬ બેઠકો પર ભાજપના ઉમેદવાર અને બે બેઠકો પર કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારોનો બહુમતથી વિજય થયો હતો. અમૂલની ૧૨ સામાન્ય અને એક વ્યક્તિગત બેઠક મળી ૧૩ બેઠકોની ચૂંટણીમાં ભાજપનો ચાર બેઠકો પર બિનહરીફ અને ૭ બેઠકો પર બહુમતીથી વિજય થતા કુલ ૧૧ બેઠકો પર વિજય થતા ભાજપે બહુમતીથી સત્તા પ્રાપ્ત કરવા સાથે પ્રથમ વાર અમૂલમાં પૂર્ણ બહુમતથી સત્તા પ્રાપ્ત કરી છે. અને ભાજપનો ભગવો લહેરાયો છે. ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ત્યારે જ ભાજપે પોતાની તાકાત બતાવી દીધી હતી. ચાર સામાન્ય બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા, જે ભાજપની મજબૂત પકડ દર્શાવે છે. કુલ ૧૩ બેઠકોમાંથી, એક વ્યક્તિગત અને આઠ સામાન્ય બેઠકો પર મતદાન યોજાયું હતું. આ આઠ સામાન્ય બેઠકો પૈકી, છ બેઠકો પર ભાજપનો વિજય થયો હતો, જ્યારે બોરસદ અને કપડવંજ બેઠક પર કોંગ્રેસને વિજય મળ્યો.

### વધુ બે 'પર્યાવરણ મોનિટરિંગ મોબાઈલ વાન'ને લીલીઝંડી

## શુદ્ધ હવા ધરાવતા ૧૩૫ શહેરોમાં અમદાવાદ, વડોદરા, સુરતનો સમાવેશ

### આગામી સમયમાં દેશમાં ૬૫થી ૭૦ લોકો શહેરોમાં વસતા થશે ત્યારે તેમના માટે વાયુ પ્રદૂષણ મુક્ત લીવેબલ સિટીનું નિર્માણ કરવું પડશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ મંત્રી મુળુભાઈ બેરા, રાજ્ય મંત્રી મુકેશ પટેલની અધ્યક્ષતામાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-GPCB દ્વારા 'રેસિંગ ફોર એર,એવરી બ્રિથ મેટર્સ'ની થીમ સાથે ગાંધીનગર ખાતે 'આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ-બ્લૂ સ્કાય ડે' નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે વધુ બે નવી વાયુ પ્રદૂષણ માપક 'પર્યાવરણ મોનિટરીંગ મોબાઈલ વાન'ને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવાયું હતું. દરમ્યાનમાં, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ એમ.થેન્નારસને કહ્યું હતું કે, ભારતના શુદ્ધ હવા ધરાવતા કુલ ૧૩૫ શહેરો પૈકી ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરતનો સમાવેશ થયો છે. આગામી સમયમાં ગુજરાતના વધુ ૬ શહેરોનો પણ આ યાદીમાં સમાવેશ થાય તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં દેશમાં ૬૫થી ૭૦ લોકો શહેરોમાં વસતા થશે ત્યારે તેમના માટે વાયુ પ્રદૂષણ મુક્ત લીવેબલ સિટીનું નિર્માણ કરવું પડશે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા હવાની ગુણવત્તાના સતત મોનીટરીંગ માટે વધુ ત્રણ નવા CAAQMS સુરત, મહેસાણા અને રાજકોટ ખાતે સ્થાપિત થવા જઈ રહ્યા છે. જેમાં વિવિધ વાયુ પ્રદૂષકોની માપણી કરવામાં આવશે. આનાથી હવા પ્રદૂષણ મોનિટરિંગ કામગીરી વધુ પારદર્શક અને અસરકારક બનશે, ડેટા કવરેજ વધશે, શહેરોમાં પ્રદૂષણના ''હોટસ્પોટ'' ઓળખી શકાશે અને શહેરી તંત્ર અને નાગરિકોને ''રિયલ-ટાઈમ'' માહિતી મળવાની સુવિધા ઉપલબ્ધ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના ઉપલક્ષમાં માત્ર ૩૭ દિવસમાં ૪૦ હેક્ટર જમીનમાં વન કવચ તૈયાર કરાયું છે.

**વિશેષ**

### આ વર્ષે ગુજરાતનું મગફળી ઉત્પાદન વર્ષ ૨૦૧૮-૧૯ની સરખામણીએ ૬૬ લાખ મેટ્રિક ટન થવાનો પ્રાથમિક અંદાજ

# મગફળીના ઉત્પાદનમાં ગુજરાત રચશે ઈતિહાસ, સૌથી વધુ ૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં થયું વાવેતર

। (માહિતી) ગાંધીનગર ।

મગફળી પાક છેલ્લા ઘણા વર્ષોથી ભારત અને ગુજરાતના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. સૌથી વધુ મગફળી ઉત્પાદન કરતા ટોચના દેશોમાં ભારતે અગ્રીમ હરોળમાં પોતાનું સ્થાન જમાવ્યું છે. ત્યારે ભારતના કુલ મગફળી ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો આજે ૫૦ ટકાથી પણ વધુ છે. મગફળી વાવેતર અને ઉત્પાદન ક્ષેત્રે દેશમાં ગુજરાતનો દબદબો આ વર્ષે પણ યથાવત છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છેલ્લા ઘણા વર્ષોથી રાજ્યમાં મગફળીના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં કુલ ૧૫.૯૪ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થયું હતું. જેની સામે ચાલુ વર્ષે મગફળીના સમાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ ૨૫ ટકાના વધારા સાથે રાજ્યમાં અત્યાર સુધીના સૌથી વધુ ૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થયું છે.





તેવી જ રીતે, રાજ્યમાં મગફળીનું ઉત્પાદન પણ વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૨ લાખ મેટ્રિક ટનથી વધુ નોંધાયું હતું, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૦ લાખ મેટ્રિક ટનના વધારા સાથે કુલ ૫૨.૨૦ લાખ મેટ્રિક ટન નોંધાયું હતું. આ વર્ષે ગુજરાતનું મગફળી ઉત્પાદન વર્ષ ૨૦૧૮-૧૯ની સરખામણીએ ત્રણ ગણા વધારા સાથે રાજ્યના ઈતિહાસનું સૌથી વધુ ૬૬ લાખ મેટ્રિક ટન થવાનો પ્રાથમિક અંદાજ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, ખેડૂતોને આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે સરકાર દ્વારા મગફળી માટે વાવેતર અગાઉ જ લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરીને તેમની પાસેથી દર વર્ષે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતના એક લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧,૦૬૮ કરોડના મૂલ્યની કુલ ૨ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી.

ગત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યમાં થયેલા મગફળીના પુષ્કળ ઉત્પાદનના પગલે રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળીની અત્યાર સુધી સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરી હતી. જેમાં રાજ્યના ૩.૬૭ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૮,૨૯૫ કરોડના મૂલ્યની કુલ ૧૨.૨૨ લાખ મેટ્રિક ટન મગફળીની બમ્પર ખરીદી કરવામાં આવી હતી. આ વર્ષે પણ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં મગફળીની ખરીદી કરવામાં આવશે, તેમ તેમણે કહ્યું હતું.

મંત્રી પટેલે જણાવ્યું હતું કે, તાજેતરનાં વર્ષોમાં મગફળીના વધેલા બજાર ભાવ, સરકાર દ્વારા જાહેર કરાતા ઊંચા લઘુતમ ટેકાના ભાવ, ટેકાના ભાવે ખેડૂતો પાસેથી સરકાર દ્વારા થતી સીધી ખરીદી અને મગફળીમાં વધારે ઉત્પાદન આપતી નવી જાતોના સંશોધનોના પરિણામે ગુજરાતમાં મગફળીનો વાવેતર વિસ્તાર સતત વધી રહ્યો છે.

મગફળીનું સારું ઉત્પાદન મેળવવા અત્યારે ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કૃષિ યુનિવર્સિટીઓ અને ભારતીય મગફળી સંશોધન સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલી ગુજરાત ગ્રાઉન્ડનટ-૨૦, ૩૨, ૩૯, ૨૩ નંબર અને ગિરનાર-૪ જેવી લોકપ્રિય જાતોનું ખેડૂતો દ્વારા વાવેતર કરવામાં આવે છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મગફળીનો ઉપયોગ મુખ્યત્વે આહાર અને ખાદ્યતેલમાં થાય છે, જે ગુજરાતી ભોજનનો અભિન્ન અંગ છે. આ ઉપરાંત તેના ખોળનો ઉપયોગ પશુ આહારમાં પણ થાય છે. ગુજરાતની જમીન અને આબોહવા મગફળીના પાક માટે ખૂબ જ અનુકૂળ હોવાથી છેલ્લા ૧૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી રાજ્યમાં મગફળીનું પુષ્કળ વાવેતર થઈ રહ્યું છે. એમાં પણ સૌરાષ્ટ્ર પ્રદેશને તો ''મગફળીનો ગઢ'' માનવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મગફળીનો ઉપયોગ મુખ્યત્વે આહાર અને ખાદ્યતેલમાં થાય છે, જે ગુજરાતી ભોજનનો અભિન્ન અંગ છે. આ ઉપરાંત તેના ખોળનો ઉપયોગ પશુ આહારમાં પણ થાય છે. ગુજરાતની જમીન અને આબોહવા મગફળીના પાક માટે ખૂબ જ અનુકૂળ હોવાથી છેલ્લા ૧૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી રાજ્યમાં મગફળીનું પુષ્કળ વાવેતર થઈ રહ્યું છે. એમાં પણ સૌરાષ્ટ્ર પ્રદેશને તો ''મગફળીનો ગઢ'' માનવામાં આવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




નેપાળના કાઠમંડુમાં નેપાળ આર્મી હેડક્વાર્ટરની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યો પોર્ટ્રેટ પકડીને પ્રદર્શન કરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### બોમ્બે હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હી હાઈકોર્ટ પછી, શુક્રવારે (૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫) બોમ્બે હાઈકોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે, જેના કારણે બંને હાઈકોર્ટમાં ખળભળાટ મચી ગયો છે. ધમકીભર્યા મેઈલ મળ્યા બાદ, પોલીસને હાઈકોર્ટ પરિસર ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. દિલ્હી હાઈકોર્ટને એક ધમકીભર્યો મેઈલ મળ્યો હતો. આ મેઈલમાં લખ્યું હતું કે, પવિત્ર શુક્રવારના વિસ્ફોટો માટે પાકિસ્તાન-તમિલનાડુની મિલીભગત, જજ રૂમમાં ત્રણ બોમ્બ રાખવામાં આવ્યા છે, બપોરે ૨ વાગ્યા સુધીમાં ખાલી કરો. આ ધમકી બાદ, ઉતાવળમાં પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું અને ન્યાયાધીશો તેમજ વકીલોએ પણ પરિસર છોડી દીધુ હતું. સુરક્ષા પ્રોટોકોલનો અમલ કરીને પોલીસે તમામ ન્યાયાધીશોને ચેમ્બરમાંથી બહાર કાઢ્યા હતા.

### શ્રદ્ધાળુ બનીને આવેલી મહિલા ચાંદીની પાદુકા ચોરી રફૂચક્કર

। (એજન્સી) બાગપત, તા.૧૩ ।

ઉત્તર પ્રદેશના બાગપતથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ૩૫૦ વર્ષ જૂના દાદી મહારાજ મંદિરમાં એક મહિલાએ ચાંદીના પાદુકાની ચોરી કરી હતી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે, આ મહિલા ખૂબ જ ચાલાકીભર્યા અંદાજમાં મંદિરમાં પ્રવેશી પાદુકા લઈને ફરાર થઈ જાય છે. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. મળતી માહિતી મુજબ, આ ઘટના ચાંદીનગર પોલીસ સ્ટેશન વિસ્તારના ફુલેરા ગામની છે. સવારે જ્યારે શ્રદ્ધાળુઓ મંદિર પહોંચ્યા તો તેમણે જોયું કે, ભગવાનના ચરણોમાં મૂકવામાં આવેલા ચાંદીના પાદુકા ગુમ છે. પ્રથમ દૃષ્ટિએ લોકોને લાગ્યું કે, પાદુકા કોઈએ પૂજા માટે હટાવ્યા હશે. પરંતુ, બાદમાં જ્યારે શોધખોળ હાથ ધરી અને તપાસ માટે ઝઝ્રફ ફૂટેજ ચેક કરવામાં આવ્યા તો હકીકત જાણીને સૌ કોઈના પગ નીચેથી જમીન ખસી ગઈ.

### નેપાળમાં Gen-Z પ્રદર્શનાકીરોએ ૫ સ્ટાર હોટલમાં આગ લગાવી

। (એજન્સી) કાઠમંડુ, તા.૧૩ ।

નેપાળમાં Gen-Z આંદોલન દરમિયાન ગાઝિયાબાદના એક પરિવારની ધાર્મિક યાત્રા ત્રાસદીમાં ફેરવાઈ ગઈ. હકીકતમાં આ પરિવાર કાઠમંડુની જે લક્ઝરી હોટલમાં રોકાયો હતો, તેમાં પ્રદર્શનકારીઓએ આગ લગાવી દીધી. આ દુર્ઘટનામાં એક મહિલાનું મોત થયું છે, જ્યારે ઘણા ભારતીય પર્યટકો ત્યાં ફસાયા છે. રામવીર સિંહ ગોલા (૫૮) અને તેમના પત્ની રાજેશ ગોલા ૭ સપ્ટેમ્બરે પશુપતિનાથ મંદિરના દર્શન માટે કાઠમંડુ ગયા હતા, પરંતુ ૯ સપ્ટેમ્બરની રાત્રે હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન તેઓ રોકાયા હતા તે ફાઈવ સ્ટાર હોટલમાં આગ લગાવી દેવામાં આવી. Gen-Z પ્રદર્શન ૮ સપ્ટેમ્બરે કાઠમંડુ સહિત દેશના અલગ-અલગ વિસ્તારમાં શરૂ થયું હતું, ત્યારબાદ આ પ્રદર્શન હિંસક બની ગયું.

### પ્રદૂષણ નીતિ સામે સુપ્રીમ લાલઘૂમ

# દિલ્હી-NCR જ નહીં આખા દેશના લોકોને સ્વચ્છ હવાનો અધિકાર

## પ્રદૂષણ નિયંત્રણને લઈને નીતિ આખા ભારત માટે હોવી જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં પ્રદૂષણની સ્થિતિને લઈને મહત્ત્વની ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, પ્રદૂષણ નિયંત્રણ નીતિ ફક્ત દિલ્હી માટે ન હોઈ શકે. જો રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર (NCR)ના શહેરોને સ્વચ્છ હવાનો અધિકાર છે, તો અન્ય શહેરોના લોકોને આ અધિકાર કેમ નથી? હવાનો અધિકાર ફક્ત દિલ્હી-એનસીઆર સુધી મર્યાદિત ન હોય શકે, પરંતુ દેશભરના નાગરિકોને મળવો જોઈએ.

CJI ગવઈએ કહ્યું કે, પ્રદૂષણ નિયંત્રણને લઈને નીતિ આખા ભારત માટે હોવી જોઈએ. હું ગત વર્ષે શિયાળામાં અમૃતસર ગયો હતો. ત્યાં પ્રદૂષણ દિલ્હી કરતાં પણ વધુ ખરાબ છે. જો ફટાકડા પર પ્રતિબંધ લાગે છે તો આખા દેશમાં લાગવો જોઈએ. પોતાનો અનુભવ શેર કરતા તેમણે આખા દેશમાં પ્રદૂષણ રોકવાની નીતિ લાગુ કરવા પર ભાર મૂક્યો.

સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી એ અરજીની સુનાવણી દરમિયાન કરી, જેમાં ૩ એપ્રિલ, ૨૦૨૫ના આદેશને પડકારવામાં આવ્યો હતો. અરજીમાં દિલ્હી-એનસીઆરમાં ફટાકડાના વેચાણ, સ્ટોરેજ, પરિવહન અને નિર્માણ કાર્ય પર સંપૂર્ણપણે પ્રતિબંધના આદેશને બદલવાની માંગ કરી હતી. કોર્ટમાં સુનાવણી દરમિયાન સીનિયર એડ્વોકેટ અપરાજિતા સિંહે દલીલ કરી હતી કે, ઉચ્ચ વર્ગ પોતાનું ધ્યાન રાખે છે. પ્રદૂષણ થતા તે દિલ્હીમાંથી બહાર જતા રહે છે. અંતે, સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ સામેની અરજી પર એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશનને નોટિસ પાઠવી છે અને બે અઠવાડિયામાં જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. અગાઉ, સુપ્રીમ કોર્ટે એપ્રિલમાં દિલ્હી-એનસીઆરમાં ફટાકડા પર પ્રતિબંધના કેસની સુનાવણી કરી હતી. ત્યારે આ પ્રતિબંધને મહત્ત્વપૂર્ણ ગણાવતાં કહ્યું હતું કે, પ્રતિબંધને થોડા મહિના સુધી મર્યાદિત રાખવાથી કોઈ હેતુ પૂરો નહીં થાય.

નોંધનીય છે કે, રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ હેઠળ વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવામાં ઈન્દોર, અમરાવતી અને દેવાસ ટોચના સ્થાને છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, અનેક શહેરોએ ઔદ્યોગિક કેન્દ્ર હોવા અથવા કોલસાની ખાણ હોવા છતાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે. આવતા વર્ષથી શહેરોમાં સ્થિત વોર્ડનું પણ વાયુ પ્રદૂષણ નિયંત્રણ પ્રયાસો માટે મૂલ્યાંકન કરવામાં આવશે. જેના માટે દિશાનિર્દેશ જાહેર કરવામાં આવશે. ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં ઈન્દોર પહેલાં સ્થાને છે, તેમ છતાં જબલપુર પહેલા નંબરે રહ્યું. જોકે, આગ્રા અને સુરત સંયુક્ત રૂપે ત્રીજા નંબર પર છે.

### સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર પોલીસનો ઉઘડો લીધો

# એવી SIT બનાવો જેમાં હિન્દુ-મુસ્લિમ બંને અધિકારી હોય

## કોર્ટે કોમી રમખાણોના એક પ્રત્યક્ષદર્શીના નિવેદનની તપાસ ન કરવા બદલ પોલીસને પણ ઠપકો આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના અકોલામાં ૨૦૨૩માં થયેલા કોમી રમખાણો દરમિયાન કથિત હત્યા કેસની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવાનો આદેશ આપ્યો, જેમાં હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયના અધિકારીઓ હોવા જોઈએ. કોર્ટે કોમી રમખાણોના એક પ્રત્યક્ષદર્શીના નિવેદનની તપાસ ન કરવા બદલ પોલીસને પણ ઠપકો આપ્યો. આ ઉપરાંત કોર્ટે (૧૧મી સપ્ટેમ્બર) ગુરુવારે કહ્યું કે, જ્યારે પોલીસ અધિકારીઓ યુનિફોર્મ પહેરે છે, ત્યારે તેમણે પોતાના વ્યક્તિગત અને ધાર્મિક વલણ અને પૂર્વગ્રહો છોડી દેવા જોઈએ. અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને એક ખાસ તપાસ ટીમ બનાવવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત રચાયેલી ખાસ તપાસ ટીમ ૧૩મી મે ૨૦૨૩ના રોજ અકોલામાં થયેલા રમખાણો દરમિયાન મુસ્લિમ યુવક પર હુમલો અને ઓટો ડ્રાઈવરની હત્યા સંબંધિત આરોપોની તપાસ કરશે. ન્યાયાધીશ સંજય કુમાર અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની બેન્ચ મોહમ્મદ અફઝલ મોહમ્મદ શરીફની અરજી પર સુનાવણી કરી રહી હતી. બેન્ચે કહ્યું કે, જ્યારે અપીલકર્તા મોહમ્મદ અફઝલ મોહમ્મદ શરીફે દાવો કર્યો હતો કે તે ચાર હુમલાખોરોમાંથી એકને ઓળખી શકે છે, ત્યારે મોબાઈલ ફોન લોકેશન, કોલ ડેટા રેકોર્ડ વગેરે દ્વારા સંબંધિત સમયે ઓળખાયેલ વ્યક્તિનું સ્થાન શોધીને તે દાવાના સંબંધમાં વિગતવાર તપાસ જરૂરી છે. સુનાવણી દરમિયાન બેન્ચે કહ્યું કે, જો મૃતકની ખરેખર એવી ધારણા હેઠળ હત્યા કરવામાં આવી હોય કે તે મુસ્લિમ સમુદાયનો છે અને હુમલાખોરો તે સમુદાયના નથી, તો આ એક એવી હકીકત છે જેની સંપૂર્ણ અને યોગ્ય તપાસ પછી ખાતરી થવી જોઈએ. મે ૨૦૨૩માં અકોલાના જૂના શહેરી વિસ્તારમાં પયગંબર મોહમ્મદ વિશેની એક ધાર્મિક પોસ્ટ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનામાં વિલાસ મહાદેવરાવ ગાયકવાડ નામના વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને કેસમાં અરજદાર સહિત આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અરજદાર મોહમ્મદ અફઝલ મોહમ્મદ શરીફના જણાવ્યા અનુસાર, ચાર લોકોએ ગાયકવાડ પર તલવારો, લોખંડની પાઈપ અને અન્ય વસ્તુઓથી હુમલો કર્યો હતો. મે ૨૦૨૩માં અકોલાના જૂના શહેરી વિસ્તારમાં પયગંબર મોહમ્મદ વિશેની એક ધાર્મિક પોસ્ટ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનામાં વિલાસ મહાદેવરાવ ગાયકવાડ નામના વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને કેસમાં અરજદાર સહિત આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

### અમેરિકાના ટેરિફ પાછળ મોહન ભાગવતે આપ્યું કારણ

# ભારતના વધી રહેલા કદથી દુનિયાના અનેક દેશો ભયભીત

## સંઘ પ્રમુખ મોહન ભાગવતે અમેરિકા દ્વારા પાકિસ્તાનને પુચકારવાની નીતિની પણ કડક ટીકા કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



RSS પ્રમુખ મોહન ભાગવતે એક સભાને સંબોધિત કરતા અમેરિકી ટેરિફ પર વાત કરી. તેમણે જણાવ્યુ કે દુનિયાના લોકોમાં ડર છે કે જો ભારત આગળ વધ્યુ તો અમારુ સ્થાન ક્યાં રહેશે. તેમનું કદ નાનુ થઈ જશે. આથી તેઓ ટેરિફ લગાવે છે. આપણે કંઈ કર્યુ નથી. પાકિસ્તાનને પુચકારવા છતા તેમણે અમેરિકાની પોલિસીની ટીકા કરી છે. તેમણે કહ્યુ કે અમેરિકાને લાગે છે કે પાકિસ્તાનને સાથે લેવાથી ભારત પર દબાણ વધશે. આજે દુનિયાને સમાધાનની જરૂર છે. જોજનો દૂર હોવા છતા તેને 'હું-મારુ'ના ચક્કરમાં ભારતથી ડર લાગે છે. તેમણે તેની જેટલી દૃષ્ટિ છે તેના આધારે ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો પરંતુ સમાધાન ન મળ્યુ. RSSના વડા મોહન ભાગવતે સંત તુકારામનું ઉદાહરણ આપતા કહ્યું કે આપણે ટીકા કરીએ કે પ્રશંસા કરીએ, આપણે આપણા પોતાના હિતોને અનુસરવા પડે છે. તુકારામના હિતોમાં આખી દુનિયાનો સમાવેશ થાય છે. પરંતુ જ્યારે આપણે આપણા 'સ્વ'ને આપણા મનમાં બંધ કરીએ છીએ, ત્યારે તે ઝઘડાનું કારણ બની જાય છે. વ્યક્તિઓથી લઈને રાષ્ટ્રો સુધી ઝઘડાનું મૂળ આ જ છે. 'અમારે જોઈએ, મારે જોઈએ' એવી ભાવના છે, બાકીની દુનિયાને શું જોઈએ છે તેના પર વિચાર કરવામાં નથી આવતો. ટેરિફ લાદ્યા પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાનું વલણ બદલ્યું છે.

### હુથી બળવાખોરોની વળતો જવાબ આપવાની ચેતવણી

# ઇઝરાયેલે યમન-ગાઝામાં ભયાનક હુમલા કર્યા : ૭૬ લોકોનાં મોત

## ઇઝરાયેલે દોહામાં કરેલા હુમલાથી મધ્યપૂર્વમાં રાજકીય તનાવ વધ્યો: આરબ દેશો લાલઘૂમ થયા

। (એજન્સી) ગાઝા, તા.૧૩ ।



ઈઝરાયેલે યેમેન અને ગાઝામાં ભીષણ હુમલા જારી રાખ્યા છે. યમને મિસાઈલ છોડયા પછી ઈઝરાયેલે કરેલી એરસ્ટ્રાઈકમાં ત્યાં ૩૫ના મોત થયા છે અને ગાઝામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કરેલા હુમલામાં ૪૧ના મોત નીપજ્યા છે. આમ કુલ ૭૬ના મોત નીપજ્યા છે. આટલું ઓછું હોય તેમ ઈઝરાયેલે ગાઝામાં ઓપરેશનનો વ્યાપ વધારતા દસ લાખ ગાઝાવાસીઓને શહેર છોડવાનો આદેશ આપ્યો છે.ઈઝરાયેલે યમન પર કરેલા હુમલામાં ૩૫ના મોત થયા છે અને ૧૩૦થી પણ વધુને ઈજા થઈ છે, આ મૃત્યુઆંક વધી પણ શકે છે એમ યમનના હુથી શાસિત આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. હુથી બળવાખોરો ઈઝરાયેલના એરપોર્ટ પર કરેલા સફળ હુમલા પછી ઈઝરાયેલે વળતો પ્રહાર કર્યો હતો. ઈઝરાયેલે યમનની રાજધાની સના પર હુમલો કર્યો હતો, અહીં મુખ્યત્વે હુથીઓના મિલિટરી હેડક્વાર્ટર અને ફ્યુઅલ સ્ટેશન આવેલા છે. ઈઝરાયેલે તેના પર હુમલો કર્યો હતો. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલે છેલ્લા ૨૪ કલાક દરમિયાન કરેલા હુમલામાં કુલ ૪૧ના મોત નીપજ્યા છે. જ્યારે ૧૮૪થી વધારે લોકોને ઈજા થઈ છે. આમ ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં મૃત્યુ પામનારાઓનો આંકડો ૬૪,૬૦૦ પર પહોંચી ગયો છે. આ ઉપરાંત યુદ્ધ શરૂ થયા પછી ૪૦૪ ગાઝાવાસીઓ કુપોષણના લીધે મરી ગયા છે અને તેમા ૧૪૧ બાળકોનો સમાવેશ થાય છે. યમનના હુથી બળવાખોરોએ જણાવ્યું હતુ કે અમે ઈઝરાયેલ પર હુમલા કરવાના જારી રાખીશું.

### સમિતિએ કહ્યું અમારા પર દબાણ નહીં ચાલે

# નોબેલનું સપનું જોતાં ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઘણી વાર દાવો કરી ચૂક્યા છે કે તેમણે સાત જેટલા યુદ્ધ બંધ કરાવ્યા છે અને આ માટે તેમને નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જોઈએ. પરંતુ નોબેલ સમિતિ પર ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓની કોઈ અસર થતી હોય તેવું લાગતું નથી. નોર્વેની નોબેલ સમિતિનું કહેવું છે કે, અમારા પર કોઈ દબાણ નથી. અમે સંપૂર્ણ સ્વાયત્તતા અને સ્વતંત્રતા સાથે નિર્ણયો લઈએ છીએ. નોંધનીય છે કે, જાન્યુઆરીમાં અમેરિકામાં ફરીથી સત્તા સંભાળનારા ડોનાલ્ડ ટ્રમ્પે ઘણી વાર કહ્યું છે કે, હું નોબેલ શાંતિ પુરસ્કાર મેળવવા માટે પાત્ર છું. નોબેલ શાંતિ પુરસ્કારને લઈને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, મેં છથી સાત યુદ્ધો બંધ કરાવ્યા છે અને તેના માટે હું નોબેલ શાંતિ પુરસ્કારને પાત્ર છું. હું ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને રોકવા માટે પણ તૈયાર છું. આ દરમિયાન એક ઈન્ટરવ્યુમાં નોબેલ સમિતિના સચિવ ક્રિશ્ચિયન બર્ગ હાર્પવિકેને કહ્યું, એ સાચું છે કે મીડિયામાં કોઈ ચોક્કસ ઉમેદવાર વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. પરંતુ એ પણ સાચું છે કે આનાથી અમારા નિર્ણય પર કોઈ અસર થતી નથી. અમે અમારા ધોરણો અનુસાર નિર્ણયો લઈએ છીએ. આમાં કોઈ બાહ્ય પરિબળ કામ કરતું નથી અને ન તો કોઈ પ્રકારનું દબાણ છે. નોબેલ પુરસ્કારોની જાહેરાત ૧૦મી ઑક્ટોબર ૨૦૨૫ના રોજ થવાની છે. બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, મારા નામની ભલામણ બેન્જામિન નેતન્યાહૂ અને અઝરબૈજાનના ઈલ્હમ અલીયેવે પણ કરી છે. આ ઉપરાંત પાકિસ્તાનની સેનાના વડા આસિમ મુનીરે પણ કહ્યું હતું કે, ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ પુરસ્કાર મળવો જોઈએ. જોકે, આ વખતે ડોનાલ્ડ ટ્રમ્પને આ પુરસ્કાર મળવાની શક્યતા ઘણી ઓછી છે. ઉલ્લેખનીય છે કે, નોબેલ પુરસ્કાર માટે નામાંકન માટેની છેલ્લી તારીખ ૩૧ જાન્યુઆરી હતી, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે તેના ૧૧ દિવસ પહેલા જ પદ સંભાળ્યું હતું.

# નેપાળમાં હિંસા વચ્ચે ફસાઈ ગયેલી ભારતીય વોલીબોલ ટીમનું સફળ રેસ્ક્યૂ

## ટીવી પ્રેઝેન્ટર ઉપાસના ગિલનો ભાવુક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

। (એજન્સી) કાઠમંડુ, તા.૧૩ ।



નેપાળમાં ચાલી રહેલા હિંસક આંદોલન વચ્ચે ભારતીય દૂતાવાસે ભારતીય વૉલીબૉલની ટીમને સુરક્ષિત પરત વતન લાવવામાં સફળતા મેળવી છે. ટીવી પ્રેઝેન્ટર ઉપાસના ગિલનો ભાવુક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગિલ નેપાળમાં એક વૉલીબૉલ લીગ માટે ગઈ હતી. પરંતુ અચાનક ફેલાયેલી હિંસામાં તે ફસાઈ હતી. વીડિયોમાં તેણે ભારતીય દૂતાવાસને ટીમની સુરક્ષા સુનિશ્ચિત કરતાં સક્રિયપણે કામગીરી હાથ ધરવા અપીલ કરી હતી. ઉપાસના ગિલએ પોખરાથી વીડિયો રજૂ કરી મદદની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, 'મારૂ નામ ઉપાસના ગિલ છે, હું આ વીડિયો પ્રફુલ ગર્ગને મોકલી રહી છું. હું ભારતીય દૂતાવાસ સમક્ષ મદદની અપીલ કરુ છું. જે પણ મદદ કરી શકો છો, મહેરબાની કરીને કરો. હું પોખરા, નેપાળમાં ફસાયેલી છું.' ગિલે પોતાની હોટલ પર હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે કહ્યું કે, 'જે હોટલમાં રોકાઈ હતી, તેને ઉપદ્રવીઓએ આગચાંપી દીધી હતી. મારો સામાન બળીને ખાખ થયો છે. તે સમયે હું સ્પામાં હતી. તેઓ મોટી-મોટી લાકડીઓ લઈ પીછો કરી રહ્યા હતાં, હુ મહામુસીબતે મારો જીવ બચાવી શકી.' ઉપાસનાનો આ વીડિયો કારગર સાબિત થયો. અને દૂતાવાસે સતત ટીમનો સંપર્ક સાધી મદદ કરી હતી. વીડિયો સામે આવતાની સાથે જ, ભારતીય દૂતાવાસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી અને વૉલીબૉલ ટીમને કાઠમંડુના એક સુરક્ષિત ઘરમાં ખસેડી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમના મોટાભાગના સભ્યો પહેલાંથી જ ભારત પરત ફરી ચૂક્યા છે અને બાકીના ખેલાડીઓને પરત લાવવાની તૈયારીઓ ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે દૂતાવાસ સતત ટીમના તમામ સભ્યો સાથે સંપર્કમાં છે અને તેમની સલામતી પર નજર રાખી રહ્યું છે. નેપાળની સરકારે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યા બાદ મોટી સંખ્યામાં યુવકો-યુવતીઓ દ્વારા વિરોધ પ્રદર્શન થયા હતા. પરંતુ આ વિરોધ પ્રદર્શનો ટૂંક સમયમાં ભ્રષ્ટાચાર અને નેપોટિઝમ સામે વ્યાપક જન આંદોલનમાં ફેરવાઈ ગયા હતાં. પરિસ્થિતિ એટલી હદે વણસી કે વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ રાજીનામું આપવું પડ્યું. રાજધાની કાઠમંડુથી પોખરા સુધી વિરોધીઓએ સરકારી ઈમારતો અને હોટલોને નિશાન બનાવ્યા હતા. જેના કારણે સામાન્ય લોકો અને પ્રવાસીઓને ભારે મુશ્કેલી પડી રહી છે.

## તંત્રી લેખ...

# ભારે વરસાદથી શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો

દેશની સાથે રાજ્યના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદથી ખેતીને મોટાપાયે નુકસાન થયું છે. તેના કારણે શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. અતિવૃષ્ટિ જેવી સ્થિતિ વચ્ચે ખેતરોનું ધોવાણ થવાથી હાલ શાકભાજીના ભાવમાં પ્રતિકિલો ૩૦થી ૪૦ રૂપિયાનો વધારો થયો છે. જેની સીધી અસર ગૃહિણીઓના બજેટ પર થઈ છે. આ ખાસ કરીને, ચોમાસામાં વેલાના શાકભાજી આવતા હોય છે. ત્યારે ભારે વરસાદમાં વેલા ધોવાઈ જતા શાકભાજીનું ઉત્પાદન ઘટ્યું છે. શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો છે. તો શાકભાજીના વેપારીઓ પણ જણાવી રહ્યા છે કે જે રાજ્યોમાં વધારે વરસાદ ખાબક્યો છે. ત્યાં શાકભાજીના ઉત્પાદન અસર થઈ છે. તે રાજ્યોમાંથી શાકભાજીનો જથ્થો ઓછો આવતા ભાવ ઉંચકાયા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેના કારણે ખેતરો જળમગ્ન થતા પાક બગડ્યો છે. અતિવૃષ્ટિ જેવી સ્થિતિ વચ્ચે ખેતરોનું ધોવાણ થવાથી હાલ શાકભાજીના ભાવમાં પ્રતિકિલો ૩૦થી ૪૦ રૂપિયાનો વધારો થયો છે.

# હું શું છું?

એક મંદિરમાં સરસ મજાની કૃષ્ણ ભગવાનની મૂર્તિ હતી સુંદર દેખાવ, સુંદર વસ્ત્ર, સુંદર મોરલી, મુકુટમાં મોર પંખ, સરસ મજાના આભૂષણ એકદમ મનમોહન મૂર્તિ મંદિરમાં ઘણા બધા લોકો દર્શન કરવા આવતા હતા ને જતા હતા. મેં ત્યાં ભક્તોની ભીડ જોઈ દરેક વ્યક્તિ હાથ જોડી ભગવાનની મૂર્તિ સામે જોઈ કંઈક ને કંઈક વિચાર કરતા હતા અને મનમાં કંઈક માંગતા હોય કંઈક ફરિયાદ કરતા હોય કંઈક કહેતા હોય એવું લાગ્યું. ભગવાનની મૂર્તિ એક જ હતી વ્યક્તિઓ અનેક હતા દરેક મૂર્તિની સામે જોઈ બે હાથ જોડી પોતાના નજરીયાથી ભગવાનને જોતા હતા કોઈ તેના અધૂરા સપના માંગતા હતા. કોઈ પોતાની ભૂલો સ્વીકારતા હતા. કોઈ મૂર્તિની સુંદરતા જોતા હતા. કોઈ એની લીલા ને યાદ કરી હશે છે કોઈ તેના રૂપને જોઈ હરખાય છે કોઈ એના મુરલીના મધુર અવાજનો અનુભવ કરે છે કોઈ મુકુટ પર શોભતું મોર પંખને જોવે છે કોઈ સુંદર વસ્ત્ર ને જોવે છે કોઈ તેની લીલાપર મોહિત છે તો કોઈ એના કપટથી ક્રોધિત છે કહેવાનો તાત્પર્ય કે ભગવાનની મૂર્તિ એક જ છે એના દર્શન કરનાર વ્યક્તિઓ અનેક છે અને બધાના વિચારો પણ અલગ અલગ છે જોવાનો નજરીઓ પણ અલગ અલગ છે બસ બધાની જોવાની વિચારવાની રીત અલગ છે ભગવાનને કોઈ ફરક નથી પડતો કે તમે શું જુઓ છો? શું વિચારો છો? એમના વિશે શું બોલો છો?એવી રીતે જ તમે શું છો? તમારું પૂર્ણ સ્વરૂપ તમે જાણો છો? કે હું શું છું? લોકો તમને અલગ અલગ નજરોથી જોવે છે તમારા વિશે વાતો કરે છે કહેવાનો તાત્પર્ય કે કોઈ ગમે તે તમારા વિશે બોલે એ સારું કે ખરાબ પણ તમે તમારું પૂર્ણ સ્વરૂપ તમે જાણો .કે હું શું છું? કોઈ વ્યક્તિ આપણા વિશે ખરાબ બોલે કે સારું બોલે એના પર વધારે ધ્યાન ન આપતા સ્વયમને ઓળખો લોકો શું વિચારે છે એના પર ધ્યાન ન આપો. તમારી બુરાઈ એ જ લોકો કરશે જે તમને ઓવરટેક નથી કરી શકતા જે તમારી સફળતાથી જલે છે કોઈ આપડી બુરાઈ કરે કોઈ સારું બોલે તો ખુશી અનુભવીએ અને ખરાબ બોલે તો દુઃખી થઈ જઈએ મતલબ તમારી જીવનની ડોર તમે લોકોના હાથમાં આપેલ છે લોકોના હાથમાં તમારું રીમોટ કંટ્રોલ ન હોવું જોઈએ તમે તમારી જાતને એવી રીતે તૈયાર કરો. દરેક મુશ્કેલીઓનો સામનો કરવો જીવનમાં ખુદ પર સંયમ હોવો જરૂરી છે મુશ્કેલી આવવી એ પોતાના ગ્રોથ માટે સારી વાત છે જો જીવન સરળ હશે તો જિંદગીથી શીખીશું શું?



**વિશેષ**
લેખિકા : દર્શના પટેલ (નેશનલ એથલીટ) અમદાવાદ

પહેલા એ જાણો કે તમારી અંદર અને બહાર શું છે ? સદગુરૂજી એ એક સરસ મજાની વાત કહી છે કે તમે તમારી અંદર કેવી રીતે જશો? તમે કોઈ હોલમાં આવી શકો છો કે બહાર જઈ શકો છો પણ તમે તમારી અંદર કેવી રીતે જશો ઉ.દા તરીકે રાત્રે રોજ સુતા પહેલા જે પણ તમે નથી તેને બાજુમાં મૂકી દો એ તમારા માટે ખૂબ જ કીમતી હોય તો પણ બાજુમાં મૂકીદો દા.ત(૧) મારું ઘર.. શું તમે ઘર છો? ના તો એ બાજુમાં મૂકી દો (૨) તમારી પત્ની કે તમારા પતિ એ તમે છો?.. ના તો એ પણ બાજુમાં મૂકી દો (૩) તમારા બાળકો.. શું એ તમે છો?. ના..(૪) એવી રીતે તમારી દરેક વસ્તુ ,કપડા ,શૃંગાર ..એ તમે છો?.. શરીર જે તમે પહેરો છો એ તમે છો?. નથી કોઈપણ વિચાર ભાવના એ તમે છો? ના એ તમે નથી? જે પણ તમે નથી એને બાજુમાં મૂકી દો ભૌતિક રૂપથી નહિ પણ દિમાગથી એ કરી જુઓ .બધું જ બાજુમાં મૂકી દો જોવો બધું તમે સાઈડ પર મૂકી દેશો જે તમે નથી તો એ ત્યાં જ હશે. આપણી પાસે એવા ઘણા વિચાર છે જે આપણે અનુભવ્યા નથી. આ એક મોટી સમસ્યા છે દરરોજ આનો અભ્યાસ કરો. એક દિવસ તમને સફળતા મળશે. મારું હોવાનો અહંકાર છે બંધન, મોહ માયા છે વાસ્તવમાં તમારું છે જ નહીં. એક વ્યક્તિને પૂછવામાં આવ્યું શું દુર છે મુંબઈ કે ચાંદ? એ વ્યક્તિએ જવાબ આપ્યો મુંબઈ દૂર છે પેલા વ્યક્તિએ આશ્ચર્યથી પૂછ્યું કેવી રીતે? એ વ્યક્તિએ જવાબ આપ્યો હું મુંબઈને જોઈ નથી શકતો ચાંદ ને જોઈ શકું છું એટલે એ નજીક છે મારા માટે. તાત્પર્ય આપણે આપણા સૌથી નજીક છીએ આપણા જીવન પર ધ્યાન આપવું બીજા નું ધ્યાન આપણા જીવન પર કેન્દ્રિત કરવાનો પ્રયત્ન ન કરવો પોતાના જીવન વિશે ઘણી વખતે તમે બીજાને પૂછો છો. ને તમારા વિશે કોઈ તમને પૂછે તો તમારી પાસે લિમિટેડ શબ્દો હશે . પણ જો તમને બીજાના વિશે પૂછવામાં આવે તો તમે ઘણું બધું એના વિશે કહો છો.તમે તમારા વિશે ઘણું બધું નથી જાણતા અને તમે તમારા વિશે નથી જાણતા એ મોટી સમસ્યા નથી પણ બીજા વ્યક્તિઓ વિશે વધારે જાણો છો એ મોટી સમસ્યા છે એટલે પહેલા પોતાની જાતને અરીસામાં જુઓ પોતાની જાતને જાણો જુઓ સમજો સ્વીકારો સત્ય એ જ છે આંખ ખોલીને જીવનને જોવું જીવન બહુ સરળ ચીજ છે દૂર નથી નજીક નથી જે છે એ તમારી પાસે જ છે. ક્યારેક એકલા તમારી આજુબાજુ માં રસ્તા પર કે છત પર ઉભા રહી જુઓ આજુબાજુની ચાલતી ક્રિયાઓને કે શું ચાલી રહ્યું છે? લોકો તમને દેખાય છે એ બધા તમને સુખી જ દેખાય છે? એ સવારથી સાંજ પોતાના કાર્યોમાં વ્યસ્ત છે એ લોકો કરે છે એ જ તમારે નથી કરવાનું પણ તમે કંઈક નવું જાણવાનો પ્રયત્ન કરો લોકો જે કરે છે એ જ તમારે કરવું લોકો તહેવારો ઉજવે છે એટલે તમે પણ ઉજવો છો પણ કેમ ઉજવો છો? શા માટે? ક્યારેક પૂછો પોતાની જાતને કોઈ નવા વિચારધારાથીજીવનને સમજવાનો પ્રયત્ન કરવો જીવનનો દરેક પળ કંઈક શીખવે છેસૌપ્રથમ સ્વને જાણવાનો ઓળખવાનો સમજવાનો પ્રયત્ન કરવો અને જીવનની મજા માણવી. લોકોના શબ્દો કે વ્યવહારનો આપણા જીવનમાં કોઈ પ્રભાવ ન પડવો જોઈએ ખરાબ કે સારા. માનીલો કે તમે સિંહ જોયો જો સિંહને તમે નહીં ખાઓ તો એ પણ તમને નહીં થાય? એ તો તમને ખાઈ જશે ને તમે બીજાની બુરાઈ નહીં કરો તો એ પણ તમારી બુરાઈ નહીં કરે એવા બ્રહ્મ માં ન જીવવું એ તો કરશે જ જિંદગી બદલવી છે તો પોતાના પર ધ્યાન આપો.

**ટેરિફને વેપાર ખાદ્ય કહે છે. ટ્રમ્પનું કહેવું છે કે 'દગાખોરો'એ આજસુધી અમેરિકાનો લાભ ઉઠાવ્યો છે**

# અમેરિકાની ટેરિફ વોરથી બચવા સ્વદેશી વસ્તુઓ વાપરવાનું વલણ અપનાવવું પડશે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**હકીકતમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, ચીનનાં જીનપીંગ, અને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન એકમંચ પર હતાં! એ જોઈને એના પેટમાં તેલ રેડાયું હોય શકે! કારણકે આટલી મોટી વસ્તી ધરાવતા દેશ જો એક થઈ જાય તો! અમેરિકાની મહાસત્તા છીનવાઈ રહી છે એવું લાગ્યું હોય! અને જો એક થઈ જાય તો આ સત્યને કોઈ ઝૂટલાવી શકે એમ નથી. આ ત્રણ દેશ નક્કી કરે કે અમેરિકા પાસેથી ઓછામાં ઓછી વસ્તુઓ આયાત કરવામાં આવશે, તો ખરેખર અમેરિકાના અર્થતંત્ર પર અસર પડે**

છેલ્લાં એક અઠવાડિયામાં કેટલી એ પ્રકારનાં સમાચારો મુખ્ય રહ્યાં જેમાં ઈઝરાઈલ હજી પણ યુદ્ધ ચલાવી રહ્યું છે, અને મુસ્લિમ દેશો પર હુમલા કર્યા, અને કેટલાય લોકો ઘાયલ થયાં.ભારતનાં ૧૫માં રાષ્ટ્રપતિ તરીકે સી પી રાધાકૃષ્ણની વરણી થઈ ચૂકી છે. નેપાળ અને ફ્રાન્સમાં પ્રજાએ રાજા અથવા શાસકનો જબરો વિરોધ નોંધાવ્યો, અને રસ્તાઓ પર ઉતરી આવી ખૂબ તોફાનો કર્યા. ભારતીય સમાજ અત્યારે એક રીતે વિકાસમાં અગ્રેસર છે, તો બીજી બાજુએ પોતાની વસ્તીને કારણે ઘણા વૈશ્વિક પડકારોનો સામનો કરી રહ્યો છે. જોકે આર્થિક રીતે અમુક દેશોને બાદ કરી વિશ્વના મોટાભાગનાં દેશો મંદી અનુભવી રહ્યા છે. પણ ખાસ કરીને બે દિવસ પહેલા અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનુ એક એવું નિવેદન ચર્ચાસ્પદ બન્યું છે કે એમણે ૨૭ માં ઈ ને સંબોધીને કહ્યું કે ભારત અને ચીન પર ૧૦૦% ટેરિફ લાદી દ્યો! હાલાકી ટ્રમ્પનું કહેવું છે, કે એમણે રશિયા અને યુક્રેનનાં યુદ્ધને રોકાવાનાં માર્ગ તરીકે આ વિકલ્પ મુક્યો છે! એમનું માનવું છે કે રશિયાને ભારત તેલ પુરું પાડે છે, જ્યારે ચીન આર્થિક સહાય કરે છે, એટલે એ યુદ્ધ વિરામ વિશે વિચારતું નથી. આમ તો જોકે છેલ્લા કેટલાક મહિનાથી હમણાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રાજનીતિને કારણે અન્ય દેશો પણ પરેશાન છે, અને એમાં પણ ખાસ કરીને તેમની ટેરીફ નીતિને કારણે. આ ઉપરાંત વિશ્વનાં મોટાભાગનાં દેશોએ પોતાની ઈમિગ્રેશન પોલીસી પણ કડક બનાવી છે, અને જેને કારણે વિદેશમાં વસતા અથવા વસવાટ ઈચ્છતા ભારતીયોને ભીંસ પડી છે. તો આજે આપણે આ ટેરિફ વિશે વાત કરીએ, અને આપણા આર્થિક તંત્રને મજબૂત બનાવવા માટે કઈ રીતે બહાર નીકળી શકીએ, એનો એક સીધો સાદો માર્ગ પણ જોઈએ.

સૌપ્રથમ તો ટેરીફ એટલે અન્ય દેશોમાંથી આયાત થતી ચીજવસ્તુઓ પર વસૂલવામાં આવતો કર છે. ૨૦૨૫ ના માર્ચમાં ડોનાલ્ડ ટ્રમ્પ ભારત પર વધુ ૨૫% લાગ્યો અને એને કારણે અમેરિકાથી આયાત થતી ચીજ વસ્તુઓ પર હવે ટોટલ ૫૦% ટેરિફ લાદવામાં આવ્યો છે. એટલે ભારતમાં જે કંપનીઓ દેશની અંદર વિદેશી સામાન લાવે, તે વિદેશની સરકારને કરવેરો ચૂકવે છે. સામાન્યપણે ટેરિફ એ ચોક્કસ ઉત્પાદનના મૂલ્યની ટકાવારી દર્શાવે છે. દાખલા તરીકે ચાઈનીઝ ચીજવસ્તુઓ પર ૨૦ ટકા ટેરિફ લાદવાનો અર્થ થાય છે કે, ૧૦ ડૉલરની કિંમતની વસ્તુ પર બીજો બે ડૉલરનો ચાર્જ વસૂલવામાં આવશે. ટ્રમ્પ ટેરિફને અમેરિકન અર્થતંત્રને હજી વધુ મજબૂત બનાવવા માટે જ ટૅક્સ




રેવન્યૂ વધારવાની આ રીતને અપનાવી છે. ટ્રમ્પ વિશ્વનાં અન્ય દેશોથી ખરીદાતા સામાન અને અમેરિકા વિશ્વના અન્ય દેશોને જે સામાન વેચે છે, તેના અંતરને ઘટાડવા માગે છે. ટેરિફને વેપાર ખાદ્ય કહે છે. ટ્રમ્પનું કહેવું છે કે 'દગાખોરો'એ આજસુધી અમેરિકાનો લાભ ઉઠાવ્યો છે, કારણકે પોતાનાં આવ્યા પહેલાં ટેરિફ દર તરીકે વસુલવામાં આવતો ટેક્સ સાવ ઓછો હતો, ખુદ અમેરિકન પ્રજા પણ પોતાના રાષ્ટ્રની મહત્તા વિશે અજાણ છે, અને એટલે અન્ય દેશના લોકો અહીં આવી પોતાની સ્થિતિ મજબૂત બનાવી રહ્યા છે! અને એટલે, ટમ્પે અલગ-અલગ દેશોમાંથી થતી આયાત અને ખાસ સામાન પર અલગ અલગ ટેરિફની જાહેરાત કરી છે. પણ હકીકતમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ચીનનાં જીનપીંગ , અને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન એકમંચ પર હતાં! એ જોઈને એના પેટમાં તેલ રેડાયું હોય શકે! કારણકે આટલી મોટી વસ્તી ધરાવતા દેશ જો એક થઈ જાય તો! અમેરિકાની મહાસત્તા છીનવાઈ રહી છે એવું લાગ્યું હોય! અને જો એક થઈ જાય તો આ સત્યને કોઈ ઝૂટલાવી શકે એમ નથી. આ ત્રણ દેશ નક્કી કરે કે અમેરિકા પાસેથી ઓછામાં ઓછી વસ્તુઓ આયાત કરવામાં આવશે, તો ખરેખર અમેરિકાના અર્થતંત્ર પર અસર પડે.

ચીન અને રશિયા કરી શકે છે કે નહીં, એ ખબર નથી પરંતુ આપણે તો આ ટેરિફ વોરને રોકી શકીએ છીએ. વિદેશી વસ્તુઓનો વપરાશ બંધ કરીને આવું કરી શકીએ તેમ છીએ. વિદેશી કંપનીઓએ આપણા માનસ પર ગજબનો કબજો કર્યો છે અને એટલે બ્રાન્ડેડ વસ્તુઓ વાપરતા થઈ ગયાં છીએ. એક સદી પહેલા ભારતમાં અંગ્રેજોનું રાજ્ય હતું અને આ અંગ્રેજોને કાઢવા માટેનો સૌથી સરળ માર્ગ ગાંધીજીએ બતાવ્યો હતો, કે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ વધારો!; બસ આપણે પણ આજ કરવાનું છે. એનાથી બે ફાયદા થશે, આપણાં નાણા જે વિદેશોના અર્થતંત્રને મજબૂત કરી રહ્યાં છે, એ બંધ થઈ જશે! અને આ નાણાં આપણા ને આપણા દેશમાં રહેશે, તો આપણું અર્થતંત્ર હજી વધુ ઝડપથી સદ્ધર થશે, અને સર્વાંગી વિકાસ તરફ ગતિ કરશે. ગાંધીજીને લાખ ગાળો દઈએ, પણ ભારતના નાગરિકો એમના ૧૧ મહાવ્રતોને માત્ર એક વર્ષ માટે જીવનમાં સ્થાન આપે, તો ભારત આર્થિક અને સામાજિક બંને રીતે પ્રગતિ કરી શકે એમ છે! પરંતુ ''ઘર કી રોટી દાલ બરાબર'' ની જેમ આપણને આપણાનું મૂલ્ય નથી.

ભારતનો પ્રત્યેક નાગરિક સ્વદેશી વસ્તુ વાપરવાનું વ્રત લે, તો આપણે આ ટેરિફનાં સંકજામાંથી છૂટી શકીએ. સ્વદેશીનો સીધોસાદો અર્થ કરીએ તો ભારત દેશમાં બનતી વસ્તું. આમ કરવાથી ભારત દેશની આર્થિક સદ્ધરતા વધેશે અને તો જ રૂપિયાનું મૂલ્ય વધે, જે આજે અન્ય દેશની સરખામણીમાં બહુ જ ઓછું હોવાથી, ભારતનો વિકાસ દેખાતો નથી. ભારતની જનસંખ્યાને એને કારણે ગરીબી વેઠવી પડે છે! ટૂંકમાં રૂપિયાનું મૂલ્ય વધારવા કે પછી ટેરિફથી બચવા માટે સ્વદેશી વસ્તુઓ વાપરવી એવો આગ્રહ રાખીએ. માનવીની પોતાની પ્રાથમિક જરૂરિયાત તેમજ રોજિંદી દિનચર્યામાં માટે રોજ કેટલીયે વસ્તુઓની જરૂર પડે છે, અને આ રીતે વસ્તુની લે વેંચથી રૂપિયા એક હાથથી બીજા હાથમાં ફરે છે, હવે આ વ્યક્તિઓ દેશની જ હોય તો આપણું નાણું દેશમાં જ રહે. પરંતુ આપણો ઈન્ટરનેશનલ વસ્તુઓનો વપરાશ વધી રહ્યો છે, એને કારણે આપણું નાણું બહારના દેશોમાં જઈ રહ્યું છે, અને બહારનાં દેશોની ખાસ કરીને યુરોપ અને અરબ દેશની આર્થિક સદ્ધરતા આપણાથી વધતી જાય છે. ભારત વર્ષને મહાસત્તા અથવા તો વિશ્વ સત્તાનાં ઊંચા શિખર પર આપણે લઈ જવું હોય તો, ભારતની આર્થિક સદ્ધરતા વધારવી પડશે, કારણકે દિવસેને દિવસે દેશની આબાદી વધી રહી છે. બહુ ટૂંકા ગાળામાં૧૯/ ૨૦ કરોડ લોકો વધી ચૂક્યાં છે. હવે આ રીતે દેશની આબાદી વધતી હોય, ત્યારે આપણો પૈસો અન્ય રાષ્ટ્ર કે અન્ય દેશમાં જાય તો આપણી આર્થિક સદ્ધરતા ક્યારેય વધી શકે નહીં,એ એક સિધુ ગણીત છે. તો ટુથ બ્રશ, ટુથ પેસ્ટથી, શરૂ કરીને રાત સુધીનાં વપરાતા તમામ દ્રવ્ય સ્વદેશી નીપજ તરીકે વાપરવામાં આવે, આ ઉપરાંત ટેકનોલોજીનાં યુગમાં ઈલેક્ટ્રોનિક વસ્તુનો ઉપયોગ વધ્યો છે, એ બધાં ઉપકરણની ખરીદી, વગેરે સ્વદેશી હોય તો આપણા રૂપિયા ભારતમાં જ રહે, અને ભારત એ રીતે ધીરે ધીરે આર્થિક સદ્ધર થાય. ટૂંકમાં ઈન્ટરનેશનલ બ્રાન્ડ વાપરવા પર આપણે જ પ્રતિબંધ મૂકવો પડશે, સ્વદેશીની નીતિને વળગીને જીવન જીવવાનું એક વ્રત કરવું પડશે, ત્યારે દેશ અન્ય રાષ્ટ્રની ટેરિફ વોરથી બચી શકે અને વૈશ્વિક પ્રગતિ કરી શકશે. જય હિન્દ.

**કપિલદેવ માતા દેવહુતિને ઉપદેશ આપીને વિદાય થયા છે. સમુદ્રનું જળ જે નદીને મળે છે તે નદીના જળને ખારું બનાવે છે**

# વૈરાગ્ય અને સંયમ વગર જ્ઞાન પચતું નથી. તે જ્ઞાનને જીવનમાં ઉતારી ભક્તિમય જીવન ગાળનારાં ઓછાં છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**હિમાલયમાં એક સ્થાન છે. ત્યાં ઊભા રહીને આપણે જે બોલીએ એનો ત્રણ વખત પડઘો પડે છે. ત્યાં જઇને તમે બોલો કે,તારું સત્યનાશ જાય!તમે જેવું બીજાને માટે બોલશો કે વિચારશો તેનો પડઘો તમારા માટે પણ પડશે એટલે સર્વમાં સમભાવ રાખશો તો સામેથી તમને પણ સર્વનો સમભાવ મળશે. ચોર ચોરી કરવા જતાં એવી પ્રાર્થના કરે કે, પ્રભુ, જો મને આજે મોટો માલ મળશે, તો હું તમારી પૂજા કરીશ!**

શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો પ્રથમ સ્કંધમાં અધિકારનું વર્ણન કર્યું. ભાગવતનો શ્રોતા કેવો હોવો જોઇએ વગેરે બતાવ્યું.દ્વિતીય સ્કંધએ જ્ઞાન લીલા છે.ત્રીજા સ્કંધમાં મરણ સમીપ આવેલું હોય ત્યારે કેમ વર્તવું,મનુષ્ય માત્રનું કર્તવ્ય શું છે વગેરે જ્ઞાન ગુરુએ આપ્યું.

કપિલદેવ માતા દેવહુતિને ઉપદેશ આપીને વિદાય થયા છે. સમુદ્રનું જળ જે નદીને મળે છે તે નદીના જળને ખારું બનાવે છે,પણ ગંગા જ્યાં સાગરને મળે છે એ જળ મીઠું છે.એટલે ગંગાસાગરનો મહિમા છે. મનની એક મોટી કુટેવ છે કે,એ ભૂતકાળ ના ભોગવેલા ભોગોને યાદ કરે છે એટલે એવા સમયે સાધક ઊંચા સ્વરે ભગવાન ના નામનો જપ કરે તો ભૂતકાળ ભૂલાઈ જાય છે. માતા દેવહુતિ પણ આ રીતે ભૂતકાળની યાદ આપતી વાતોને ભગવદ્ ભજન દ્વારા ભૂલી પ્રભુમાં લીન બનીગયાં પરમાત્મા કૃપા કરે ત્યારે જ જીવા ત્માના હાથે સત્કર્મ થાય છે. સત્કર્મ કરવાની ઘણાને ઈચ્છા થાય છે,પણ થતું નથી. અહીં સત્સંગ મદદરૂપ થાય છે. સત્સંગ ની સિફારસ પ્રભુને પહોંચે છે ને ભક્ત સર્વ સમર્પણ કરી પોતાને માથેથી ભાર ઉતારી નાંખે છે,ને પ્રભુને એ સહેવો પડે છે.

હિમાલયમાં એક સ્થાન છે. ત્યાં ઊભા રહીને આપણે જે બોલીએ એનો ત્રણ વખત પડઘો પડે છે. ત્યાં જઇને તમે બોલો કે,તારું સત્યનાશ જાય!તમે જેવું બીજાને માટે બોલશો કે વિચારશો તેનો પડઘો તમારા માટે પણ પડશે એટલે સર્વમાં સમભાવ રાખશો તો સામેથી તમને પણ સર્વનો સમભાવ મળશે. ચોર ચોરી કરવા જતાં એવી પ્રાર્થના કરે કે, પ્રભુ, જો મને આજે મોટો માલ મળશે, તો હું તમારી પૂજા કરીશ! ભગવાન શું આવી પૂજા સ્વીકારે? માટે ગમે તેવા પ્રસંગમાં પણ સર્વ પ્રત્યે સદ્ભાવ રાખવો.પાત્ર વગર જ્ઞાન ટકે નહીં. સુપાત્ર વગર જ્ઞાન શોભે નહીં.જ્ઞાન ક્રિયાત્મક ન થાય ત્યાં સુધી તે અજ્ઞાન જેવું છે. બહુ જાણવા કરતાં તે જાણ્યું તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. જ્ઞાન ક્રિયાત્મક બને ત્યારે જ એ શાંતિ આપેછે.જ્ઞાનનો અંતઆવ્યો નથી અને આવવાનો નથી. પરંતુ જ્ઞાનને શબ્દરૂપ નહીં,ક્રિયારૂપ બનાવો.



ગુરુએ આપેલું જ્ઞાન ક્રિયામાં કેવી રીતે ઉતારવું, જ્ઞાન અને ક્રિયાનું મધરુ મિલન કેવી રીતે કરવું એ ત્રીજા સ્કંધમાં બતાવ્યું છે.કપિલ એટલે જિતેન્દ્રિય. જિતેન્દ્રિય જ્ઞાનને પચાવી શકે છે. વિલાસી લોકો જ્ઞાનનો અનુભવ કરી શકે નહીં.વેદાંતનો અધિકાર સર્વને નથી.વેદનો અધિકાર કેવળ વિરક્તને છે.અતિસાત્ત્વિક જીવન ગાળનાર ઋષિઓ જેનું ચિંતન કરે છેતે ઉપનિષદ્.તે જ વેદાંત.વેદનો અંત વેદાંત. વેદની સમાપ્તિ ઉપ નિષદમાં છે.

વૈરાગ્ય અને સંયમ વગર જ્ઞાન પચતું નથી.તે જ્ઞાનને જીવનમાં ઉતારી ભક્તિમય જીવન ગાળનારાં ઓછાં છે.

જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સરસ્વતીના કિનારે રહેવું પડશે, કર્દમ થવું પડશે. કર્દમ થાશો તો બુદ્ધિ દેવહુતિ થશે,એટલે કે જિતેન્દ્રિય થશો,તો બુદ્ધિ નિષ્કામ થશે,જ્ઞાન સિદ્ધ થશે,જ્ઞાન સિદ્ધ થયા પછી પુરુષાર્થ સિદ્ધ થાય છે.

ત્રીજા સ્કંધમાં સર્ગ લીલા હતી. આ સ્કંધમાં વિસર્ગ લીલા છે. પુરુષાર્થ ચાર છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એટલે ચતુર્થ સ્કંધમાં ચાર પ્રકરણો છેઃધર્મ,અર્થ,કામ અને મોક્ષ.ધર્મ પ્રકરણના અધ્યાય સાત છે.સાત પ્રકારની જેની શુદ્ધિ હોય તેને ધર્મ સિદ્ધિ થાય છે.સાત શુદ્ધિઓઃ૧.દેશશુદ્ધિ,૨. કાલશુદ્ધિ ૩.મંત્રશુદ્ધિ,૪.દેહશુદ્ધિ,૫. વિચાર શુદ્ધિ,૬.ઈન્દ્રિયશુદ્ધિ અને ૭. દ્રવ્ય શુદ્ધિ.અર્થ પ્રકરણના પાંચ અધ્યાય કારણ અર્થની પ્રાપ્તિ પાંચ સાધનથી થાય છે.પાંચ સાધનો ૧.માતા-પિતાના આશીર્વાદ,૨.ગુરુકૃપા,૩.ઉદ્યમ,૪. પ્રારબ્ધ અને ૫. પ્રભુકૃપા.કામ પ્રકરણના અગિયાર અધ્યાય. કારણ કામ અગિયાર ઈન્દ્રિયોમાં રહેલો છે. પાંચ જ્ઞાનેન્દ્રિય,પાંચ કર્મેન્દ્રિય અને અગિયારમું મન. એ અગિયાર ઠેકાણે કામ રહેલો છે.રાવણને દસ મસ્તકો હતાં એટલે રાવણ રૂપી કામ દસ ઈન્દ્રિયોમાં રહેલો છે.સર્વને રમાડે તે રામ,સર્વને રડાવે રાવણ.કામ જીવમાત્રને રડાવે છે. રામ જેવા નિર્વિકારી બનો તો રાવણ એટલે કામ મરશે અને કામ મરશે તો રામ મળશે.

મોક્ષ પ્રકરણના આઠ અધ્યાય છે. પ્રકૃતિના આઠ પ્રકાર છે. પૃથ્વી, જળ,આકાશ,વાયુ,તેજ,મન, બુદ્ધિ અહંકાર.આ અષ્ટધા પ્રકૃતિ ઉપર વિજય મેળવનાર મુક્ત બને છે.પ્રકૃતિ એટલે સ્વભાવ અનેક જન્મોના સંસ્કારોને અનુસરી મન દોડે છે.મોટા મોટા ઋષિ ઓ પણ પ્રકૃતિને એટલે કે સ્વ ભાવને વશ રાખી શક્યા નથી, તેથી બંધનમાં આવ્યા છે.પ્રકૃતિને વશ થાય છે જીવ અને જેને પ્રકૃતિ વશ થાયછે તે ઈશ્વર.આઠ પ્રકારની ભક્તિ, શ્રવણ,કીર્તન વગેરે જેને સિદ્ધ થાય તે ઈશ્વરનો થાય.આમ એકત્રીસ અધ્યાયોનો આ ચતુર્થ સ્કંધ છે.

ચાર પુરુષાર્થોમાં પ્રથમ ધર્મ છે અને ચોથો મોક્ષ.વચ્ચે અર્થ અને કામ છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામને રાખ્યા છે. તે બતાવે છે અર્થ અને કામ, ધર્મ અને મોક્ષને અનુસરીને પ્રાપ્ત કરવાનાં છે.ધર્મ અને મોક્ષ બંને પુરુષાર્થ મુખ્ય છે.બાકીનાં બે, અર્થ અને કામ ગૌણ છે.ધર્મ વિરુદ્ધનો કોઈપણ પુરુષાર્થસફળ થતો નથી.સૌથી પ્રથમ પુરુષાર્થ ધર્મ છે.ધર્મને અનુસરીને અર્થ અને કામની પ્રાપ્તિ કરવાની છે. પૈસા મુખ્ય નથી.ધર્મ જ મુખ્ય છે. ધનથી સુખ મળે છે એ ખોટી વાત છે સુખ મળે છે સંયમથી,સુખ મળે છે સદાચારથી,સુખ મળે છે સારા સંસ્કારોથી, સુખ મળે છે પ્રભુની ભક્તિથી, સુખ મળે છે ત્યાગથી. માનવજીવનમાં ધર્મ જ પ્રધાન છે. ધર્મ કરતાં પૈસો શ્રેષ્ઠ હોઈ શકે નહીં ધર્મ આલોક અને પરલોકમાં સુખ આપે છે.મર્યા પછી ધન સાથે આવતું નથી,ધર્મ સાથે આવે છે. માટે ધન કરતાં ધર્મ શ્રેષ્ઠ છે. જ્યારથી લોકો અર્થને પૈસાને મહત્ત્વ આપવા લાગ્યા ત્યારથી જીવન બગડ્યું છે.શંકર સ્વામીએ એક જગ્યાએ અર્થને અનર્થ કહ્યો જ્યારે મનુષ્ય ધન કરતાં ધર્મને વિશેષ સમજે છે ત્યારે જ જીવન સુધરે છે. અર્થને ધર્માનુકૂલ રાખો.ધર્માનુકૂલ ન હોય તે તે અર્થ અનર્થ છે.દર્શન સંપત્તિની જેટલી જરૂર છે તેના કરતાં સારા સંસ્કારની વિશેષ જરૂર છે. તમારા જીવનમાં ધર્મને પહેલું સ્થાન આપજો અને કામ- અર્થને ગૌણ સ્થાન આપજો જીવનમાં કામ અને અર્થ ગૌણ બને ત્યારે જીવનમાં દિવ્યતા આવે છે.ધર્મની ગતિ સૂક્ષ્મ છે. ધર્મ પછી કોઈકવાર અધર્મ બને છે. સદભાવના વગર ધર્મ સફળ થતો નથી.સત્ એટલે ઈશ્વર. ઈશ્વરનો ભાવ સર્વમાં સિદ્ધ કરે એનો ધર્મ સફળ થાય.ધર્મક્રિયા સદભાવ વગર સફળ થતી નથી. જગતના કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુભાવ રાખશે. અર્થને ધર્માનુકૂલ રાખો.ધર્માનુકૂલ ન હોય તે તે અર્થ અનર્થ છે.દર્શન સંપત્તિની જેટલી જરૂર છે તેના કરતાં સારા સંસ્કારની વિશેષ જરૂર છે. તમારા જીવનમાં ધર્મને પહેલું સ્થાન આપજો અને કામ- અર્થને ગૌણ સ્થાન આપજો જીવનમાં કામ અને અર્થ ગૌણ બને ત્યારે જીવનમાં દિવ્યતા આવે છે.ધર્મની ગતિ સૂક્ષ્મ છે. ધર્મ પછી કોઈકવાર અધર્મ બને છે. સદભાવના વગર ધર્મ સફળ થતો નથી.સત્ એટલે ઈશ્વર. ઈશ્વરનો ભાવ સર્વમાં સિદ્ધ કરે એનો ધર્મ સફળ થાય.ધર્મક્રિયા સદભાવ વગર સફળ થતી નથી. જગતના કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુભાવ રાખશે.

# ચાલુ ટ્રેનમાંથી કૂદી 'રાગિની MMS રિટર્ન' ફેમ એક્ટ્રેસ, માથા-પીઠમાં ગંભીર ઈજા, હોસ્પિટલમાં દાખલ કરાઈ

**કરિશ્મા શૂટિંગ માટે ચર્ચગેટ જઈ રહી હતી. તેણે પોતે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ મારફત આ ઘટના વિશે જણાવ્યું હતું**

'પ્યાર કા પંચનામા ૨' 'રાગિની એમએસએસ રિટર્ન્સ' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી કરિશ્મા શર્મા મુંબઈમાં એક ગંભીર અકસ્માતનો ભોગ બની હતી. બુધવારે તેણે ચાલતી લોકલ ટ્રેનમાંથી છલાંગ લગાવી હતી. જેના કારણે તેને માથા અને પીઠમાં ગંભીર ઈજા થઈ હતી. હાલ તે હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે, ડોક્ટર તેની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.કરિશ્મા શૂટિંગ માટે ચર્ચગેટ જઈ રહી હતી. તેણે પોતે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ મારફત આ ઘટના વિશે જણાવ્યું હતું. તેણે પોસ્ટ કરી હતી કે, હું સાડી પહેરીને ટ્રેન પકડી રહી હતી, પરંતુ ટ્રેનમાં ચડતાની સાથે જ ટ્રેનની ગતિ વધી ગઈ. મારા મિત્રો ટ્રેન ચૂકી ગયા હોવાથી હું ડરી ગઈ અને ચાલતી ટ્રેનમાંથી કૂદી ગઈ.ટ્રેનમાંથી કૂદકો મારતાં કરિશ્મા પીઠના બળ પર પડી હતી. જેના કારણે માથાના પાછળના ભાગમાં ગંભીર ઈજા થઈ છે. પીઠ પર પણ ઈજા થઈ છે, માથા પર સોજો આવ્યો છે અને આખા શરીર પર નાની-મોટી ઈજા થઈ છે. માથામાં થયેલી ઈજા કેટલી ગંભીર છે તે જાણવા માટે ડોક્ટરોએ સ્કૈન કરાવવાની સલાહ આપી છે. હાલમાં એક દિવસ માટે ડોક્ટરના નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી છે.કરિશ્માએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું કે, 'મને ગઈકાલથી ખૂબ દુખાવો થઈ રહ્યો છે, પરંતુ હું મજબૂત છું.' બાદમાં કરિશ્માએ ચાહકોને ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરવાની પણ અપીલ કરી હતી.કરિશ્માના એક મિત્રએ હોસ્પિટલમાંથી તેની એક તસવીર પણ શેર કરી હતી. તેમાં કેપ્શન લખી હતી કે, 'માનવામાં નથી આવતું કે આ થયું. મારી મિત્ર ટ્રેનમાંથી પડી ગઈ અને તેને કંઈ યાદ નથી. અમે તેને જમીન પર પડેલી જોઈ અને તુરંત જ હોસ્પિટલ લઈ આવ્યા. કૃપા કરીને તેના માટે પ્રાર્થના કરો.'



# રામ ગોપાલ વર્માએ જાહ્નવી કપૂર અંગે કરી વિવાદિત ટિપ્પણી, 'મને મા પસંદ હતી, દીકરી નહીં'

હોરર ફિલ્મો માટે જાણીતા ફિલ્મ મેકર રામ ગોપાલ વર્મા કશુ બોલે અને તેનાથી કોન્ટ્રોવર્સી ન સર્જાય તેવું મોટા ભાગે શક્ય બનતું નથી. તેઓ પોતાના નિવેદનોને લઈને અવારનવાર ચર્ચામાં આવી જાય છે. તાજેતરમાં રામ ગોપાલ વર્માએ શ્રીદેવી અને તેની દીકરી જાહ્નવી કપૂરને લઈને એવું નિવેદન આપ્યું છે. જે વિવાદાસ્પદ બન્યું છે.રામ ગોપાલ વર્મા સ્વર્ગસ્થ અભિનેત્રી શ્રીદેવીના મોટા ચાહક રહ્યા છે. તાજેતરમાં તેમણે એક ઈન્ટરવ્યુંમાં શ્રીદેવીના વખાણ કરવાની સાથે એવું કંઈક કહ્યું છે, જેણે સૌને ચોંકાવી દીધા છે. રામ ગોપાલ વર્માએ ઈન્ટરવ્યુંમાં શ્રીદેવીના વખાણ કરતા જણાવ્યું કે, ''પડાહરેલ્લા વયાસુ કે પછી વસંત કોકિલા આવી ઘણા પ્રકારની ફિલ્મમાં શ્રીદેવીએ પર્ફોમન્સ કર્યુ છે. સાચું કહું તો તેમને એક્ટિંગ કરતા જોઈને હું ભૂલી જતો હતો કે, હું ફિલ્મમેકર છું અને તેમને એક દર્શક તરીકે જ જોવા માંડતો હતો.''આ ઉપરાંત રામ ગોપાલ વર્માએ આગળ જણાવ્યું કે, ''મને હજુ સુધી જાહ્નવીમાં શ્રીદેવી દેખાઈ નથી. મને મા પસંદ હતી, દીકરી નહી. હું નેગેટિવ નથી બોલી રહ્યો. મારી કારકિર્દી દરમિયાન ઘણા એવા સારા એક્ટર રહ્યા છે, જેની સાથે મારું ખાસ જોડાણ થઈ શક્યું નથી. જેમાં જાહ્નવી કપૂરનું નામ પણ સામેલ છે. મારો તેમની સાથે ફિલ્મ કરવાનો કોઈ ઈરાદો નથી.''ઉલ્લેખનીય છે કે, રામ ગોપાલ વર્મા ૧૫ વર્ષ બાદ પોતાની નવી હોરર-કોમેડી ફિલ્મ 'પોલીસ સ્ટેશન મેં ભૂત' સાથે બોલિવૂડમાં પરત ફરવા માટેની તૈયાર કરી રહ્યા છે, આ ફિલ્મમાં મનોજ બાજપેયી લીડ રોલમાં જોવા મળશે. મારી કારકિર્દી દરમિયાન ઘણા એવા સારા એક્ટર રહ્યા છે, જેની સાથે મારું ખાસ જોડાણ થઈ શક્યું નથી. જેમાં જાહ્નવી કપૂરનું નામ પણ સામેલ છે. મારો તેમની સાથે ફિલ્મ કરવાનો કોઈ ઈરાદો નથી.''ઉલ્લેખનીય છે કે, રામ ગોપાલ વર્મા ૧૫ વર્ષ બાદ પોતાની નવી હોરર-કોમેડી ફિલ્મ 'પોલીસ સ્ટેશન મેં ભૂત' સાથે બોલિવૂડમાં પરત ફરવા માટેની તૈયાર કરી રહ્યા છે, આ ફિલ્મમાં મનોજ બાજપેયી લીડ રોલમાં જોવા મળશે.



# હત્યા કેસના આરોપી ફિલ્મ અભિનેતાએ જજની સામે આપ્યું ચોંકાવનારું નિવેદન

કર્ણાટકનો ખૂબ ચર્ચિત રેણુકાસ્વામી હત્યા કેસ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. આ કેસમાં આરોપી નંબર ૧ કન્નડ અભિનેતા દર્શને કોર્ટમાં જજ સમક્ષ એવું નિવેદન આપ્યું કે બધાને ચોંકાવી દીધી હતી. તેણે કોર્ટમાં કહ્યું કે, 'હું કોઈપણ સંજોગોમાં જેલમાં રહેવા માંગતો નથી. જેલમાં મારી હાલત ખૂબ જ ખરાબ છે. આવી જિંદગી જીવવા કરતાં મને ઝેર આપી દો, હું હવે આવી રીતે જીવી શકતો નથી.'અહેવાલો અનુસાર, મંગળવારે (નવમી સપ્ટેમ્બર) મહિનાની સુનાવણી દરમિયાન અભિનેતા દર્શન ૬૪મી સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ માં વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજર થયો હતો. જેલમાં બંધ દર્શને પોતાની સ્થિતિ વર્ણવતા કહ્યું કે, 'મારા હાથમાં ફૂગ છે. મારા કપડાંમાંથી દુર્ગંધ આવી રહી છે. જેલની સ્થિતિ એવી છે કે અહીં સૂર્યપ્રકાશ આવતો નથી. ચારે બાજુ ફક્ત અંધકાર છે.' કોર્ટમાં હાજર દરેક વ્યક્તિ તેમની વાત સાંભળીને ચોંકી ગયા.સુનાવણીમાં જજે તરત જ સ્પષ્ટતા કરતા કહ્યું કે, 'આ શક્ય નથી અને કોર્ટ કોઈપણ સંજોગોમાં આવી માંગણી સ્વીકારી શકે નહીં.' આ દરમિયાન જજે અન્ય આરોપી નંબર ૧૩ અને ૧૪ની ડિસ્ચાર્જ અરજીઓ પર વિચાર કરવામાં આવ્યો અને કેસમાં આરોપો ઘડવાની તારીખ ૧૯મી સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી. આ ઉપરાંત દર્શનની અરજી પરની સુનાવણી મુલતવી રાખવામાં આવી. અરજીમાં અભિનેતા દર્શને બલ્લારી જેલમાં ટ્રાન્સફર ટાળવા અને પલંગ અને ગાદલા જેવી સારી સુવિધાઓની માંગ કરી હતી. અગાઉ ડિસેમ્બર ૨૦૨૪માં કર્ણાટક હાઈકોર્ટે અભિનેતાને જામીન આપ્યા હતા, પરંતુ સાક્ષીઓ સાથે છેડછાડ કરવાની આશંકાને કારણે સુપ્રીમ કોર્ટે ૧૪મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ તેમના જામીન રદ કર્યા હતા. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે તેને જેલમાં ખાસ સુવિધાઓ ન મળવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, જૂન ૨૦૨૪માં ચિત્રદુર્ગના રહેવાસી ૩૩ વર્ષીય રેણુકાસ્વામીના અપહરણ અને હત્યાના આરોપમાં કન્નડ અભિનેતા દર્શનની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યાનુસાર, રેણુકાસ્વામીએ દર્શનની નજીકની સહયોગી પવિત્રા ગૌડાને અશ્લીલ સંદેશા મોકલ્યા હતા.



# 'કંતારા ચેપ્ટર ૧'માં દિલજિત દોસાંજનું ગીત સાંભળવા મળશે

એક્ટર અને ફિલ્મ મેકર ઋષભ શેટ્ટીની 'કંતારા ચેપ્ટર ૧', તેની ૨૦૨૨માં આવેલી ફિલ્મ કંતારાની પ્રીક્વલ છે. એ ફિલ્મ એક અણધારી બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. તેથી જ્યારથી તેની પ્રીક્વલ વિશે ઘણી ચર્ચા છે. સાથે જ હવે આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સારી ચાલે એવી અપેક્ષા પણ છે.ત્યારે વધુ એક એવો અહેવાલ છે, જેનાથી લોકોના ઉત્સાહમાં વધારો થઈ શકે છે, દિલજિત દોસાંજ આ ફિલ્મ માટે એક એક ગીત રેકોર્ડ કરવાનો છે. ઈન્ડસ્ટ્રીના સુત્રોના જણાવ્યા અનુસાર, ''દિલજિત કંતારા ચેપ્ટર ૧સાથે જોડાય છે એ બાબત જ સૌથી મોટું પેન ઈન્ડિયા કોલબરેશન ગણ શકાય. સમગ્ર દેશમાં ફિલ્મની પહોંચ વધારવા માટે આ પગલું લેવાયું હોવાની ચર્ચા છે. દિલજિત દોસાંજ ફિલ્મ માટે ગીત રેકોર્ડ કરવાનો છે અને આ ગીત અંગે પણ ઘણા લોકોમાં ઉત્સુકતા હશે.''આ ફિલ્મ હોમબેલ ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને તેમાં ઋષભ શેટ્ટી ઉપરાંત રુકમી વસંત અને સપ્તમી ગોવડા પણ મહત્વના રોલમાં જોવા મળશે. સમગ્ર દેશમાં ફિલ્મની પહોંચ વધારવા માટે આ પગલું લેવાયું હોવાની ચર્ચા છે. દિલજિત દોસાંજ ફિલ્મ માટે ગીત રેકોર્ડ કરવાનો છે અને આ ગીત અંગે પણ ઘણા લોકોમાં ઉત્સુકતા હશે.''આ ફિલ્મ હોમબેલ ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને તેમાં ઋષભ શેટ્ટી ઉપરાંત રુકમી વસંત અને સપ્તમી ગોવડા પણ મહત્વના રોલમાં જોવા મળશે.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'નો નવો વૈશ્વિક બેન્ચમાર્ક : ૪૫૦૦ એપિસોડ પૂરા કર્યા

ભારતીય ટેલિવિઝન માટે એક યાદગાર સિદ્ધિમાં, અસિત કુમાર મોદીના 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' એ ૪૫૦૦ એપિસોડ પૂરા કર્યા છે. આ માઈલસ્ટોન માત્ર ભારતના સૌથી લાંબા સમયથી ચાલતા સિટકોમ તરીકે શોના વારસાને મજબૂત બનાવે છે, પરંતુ તેની સફરને એક સાંસ્કૃતિક ઘટના તરીકે પણ ઉજવે છે જેણે ૧૭ વર્ષથી આ શો ચાલુ છે. આ ક્ષણને ચિહ્નિત કરવા માટે, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' પરિવાર શરૂઆતથી જ શોનો ભાગ રહેલા લોકોને સન્માનિત કરવા માટે એકઠા થયા હતા. લેખકો, ટેકનિશિયનો, સેટ ડિઝાઈનર્સ અને પ્રોડકશન સ્ટાફ જેમણે લગભગ બે દાયકાથી શાંતિથી શોને પોતાના ખભા પર ઉઠાવ્યો છે તેઓ તેમની સફરને ફરીથી જીવંત કરવા માટે ભેગા થયા હતા. કેક કાપી ને ઉજવણી કરી હતી.આ સીમાચિહ્ન વિશે બોલતા, શોના નિર્માતા અસિત કુમાર મોદીએ કહ્યું, ૪૫૦૦ હેપ્પીસોડ્સ પૂર્ણ કરવા એ એક આશીર્વાદ અને વિશેષાધિકાર છે. આ શો તાજેતરમાં જ ૧૮મા વર્ષમાં પ્રવેશ કર્યો છે, જે ભારતીય ઘરોમાં તેની હાજરી ચાલુ રાખી છે અને પેઢી દર પેઢી દર્શકો સુધી પહોંચ્યો છે.આ ફક્ત અમારી સફળતા નથી, તે શરૂઆતથી જ આ સફરનો ભાગ રહેલા દરેક વ્યક્તિની મહેનતનું પરિણામ છે. આજે, અમે તેમની સાથે ઉજવણી કરી કારણ કે તેઓ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'નો પાયો છે. હું અમારા કલાકારો, ક્રૂ અને ખાસ કરીને અમારા દર્શકોનો ખૂબ આભારી છું. તે તેમનો પ્રેમ અને સમર્થન છે જે અમને આટલા આગળ લઈ ગયો છે. આજે, અમે તેમની સાથે ઉજવણી કરી કારણ કે તેઓ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'નો પાયો છે. હું અમારા કલાકારો, ક્રૂ અને ખાસ કરીને અમારા દર્શકોનો ખૂબ આભારી છું. તે તેમનો પ્રેમ અને સમર્થન છે જે અમને આટલા આગળ લઈ ગયો છે.





અજાણ્યા હુમલાખોરોએ ત્રણથી ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો

# અભિનેત્રી દિશા પટણીના બરેલી સ્થિત ઘરે થયો ગોળીબાર

બરેલીઃ બોલિવૂડ અભિનેત્રી દિશા પટણીના ઘરે ફાયરિંગની ઘટના સામે આવી છે. જોકે, આ ઘટના મુંબઈમાં નહીં, પરંતુ ઉત્તર પ્રદેશમાં બની છે. દિશા પટણીના બરેલી સ્થિત નિવાસસ્થાને ગઈકાલે રાત્રે અજાણ્યા બદમાશોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટના વહેલી સવારે લગભગ ૩:૩૦ વાગ્યે બની હતી.અજાણ્યા હુમલાખોરોએ ત્રણથી ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે, આ ફાયરિંગને લઈને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ વાયરલ થઈ છે. જેમાં ગેંગસ્ટર રોહિત ગોદારાએ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, ''જય શ્રી રામ બધા ભાઈઓને રામ રામ. હું, વીરેન્દ્ર ચરણ, મહેન્દ્ર સરન (ડેલાણા). ભાઈઓ, આજે ખુશ્બુ પટણી/દિશા પટણી (બોલીવુડ અભિનેત્રી) ના ઘર (વિલા નંબર ૪૦, સિવિલ લાઈન્સ, બરેલી, ઉત્તર પ્રદેશ) પર જે ગોળીબાર થયો તે અમારા દ્વારા કરવામાં આવ્યો હતો. તેણે અમારા પૂજ્ય સંતો (પ્રેમાનંદ જી મહારાજ અને

## હુમલાખોરે આપી ફિલ્મી કલાકારોને ચેતવણી

અનિરુદ્ધાચાર્ય જી મહારાજ)નું અપમાન કર્યું છે. તેણે અમારા સનાતન ધર્મને અપમાનિત કરવાનો પ્રયાસ કર્યો છે. અમારા દેવી-દેવતાઓનું અપમાન સહન કરવામાં આવશે નહીં. આ ફક્ત એક ટ્રેલર હતું. હવે પછી જો તેઓ અથવા અન્ય કોઈ આપણા ધર્મનો અનાદર કરશે, તો તેમના ઘરમાં કોઈ બચી શકશે નહીં.''પોસ્ટમાં આગળ જણાવવામાં આવ્યું કે, ''આ મેસેજ માત્ર આમની માટે જ નહીં, પરંતુ જેટલા પણ ફિલ્મી કલાકારો અને તેમની સાથે જોડાયેલા કલાકારો છો, તેમના માટે પણ છે. અમે અમારા ધર્મીની રક્ષા માટે કોઈપણ હદ સુધી જવા માટે તૈયાર છીએ. અમે ક્યારેય પીછેહઠ કરશું નહીં. અમારા માટે હંમેશા ધર્મ અને સર્વ સમાજ એક છે. તેની રક્ષા કરવી અમારું પહેલું કર્તવ્ય છે.''જોકે, આ પોસ્ટની સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને પોલીસ તેની પણ તપાસ કરી રહી છે.

## દીલ્હીની તીસ હજારી કોર્ટે કથિત બળાત્કારના કેસમાં

# જેલમાં કેદ અભિનેતા આશિષ કપૂરના અંતે જામીન મંજૂર

**એડિશનલ સેશન્સ જજે આશિષ કપૂરને ૧ લાખ રૂપિયાના જામીન બોન્ડ અને એટલી જ રકમના સુરક્ષા બોન્ડના આધારે જામીન આપ્યા હતા**



દીલ્હીની તીસ હજારી કોર્ટે કથિત બળાત્કારના કેસમાં આરોપી ટીવી અભિનેતા આશિષ કપૂરને જામીન આપ્યા છે. આશિષ કપૂરની ૨ સપ્ટેમ્બરના રોજ મહારાષ્ટ્રના પુણેથી ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે પોલીસ રિમાન્ડ બાદ ૬ સપ્ટેમ્બરના રોજ આશિષ કપૂરને ૧૪ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.એડિશનલ સેશન્સ જજ ભૂપિન્દર સિંહે ૧૦ સપ્ટેમ્બરના રોજ આશિષ કપૂરને ૧ લાખ રૂપિયાના જામીન બોન્ડ અને એટલી જ રકમના સુરક્ષા બોન્ડના આધારે જામીન આપ્યા હતા. જામીન આપતી વખતે, કોર્ટે વકીલની દલીલો, રેકોર્ડ પરની સામગ્રી,સીસીટીવી ફટેજ વગેરેને ધ્યાનમાં લીધા હતા અને એ હકીકત પણ ધ્યાનમાં લીધી હતી કે આરોપીને તપાસ માટે જરૂરી નથી.કોર્ટે કહ્યું કે પોલીસે આરોપીના પાંચ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ માંગ્યા હતા, જેમાંથી યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સેન્ટ્રલ ડિસ્ટ્રિકટે ફકત ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. કોર્ટે કહ્યું, ''જોકે, પોલીસે તેને ત્રણ દિવસમાં સંબંધિત પક્ષો સમક્ષ રજૂ કર્યો.'' કોર્ટે કહ્યું કે જે કારણોસર પોલીસ કસ્ટડી રિમાન્ડ માંગવામાં આવ્યો હતો તે એવું નહોતું કે સમાજમાં સારી રીતે સ્થાપિત, પોતાનું કાયમી રહેઠાણ અને વ્યવસાય ધરાવતો આરોપી પોલીસને સહકાર આપતો નથી. તપાસમાં રહેલી ખામીઓ તરફ ધ્યાન દોરતા કોર્ટે કહ્યું, ''પોલીસ કસ્ટડી રિમાન્ડ પર લેવાયા છતાં, મોબાઈલ ફોન મેળવવા માટે કોઈ ગંભીર પ્રયાસો કરવામાં આવ્યા ન હતા. કાયદા મુજબ, કોઈ શોધખોળ હાથ ધરવામાં આવી ન હતી. રેકોર્ડ પર એવું કંઈ નથી જે દર્શાવે છે કે આરોપીએ તપાસમાં સહકાર આપ્યો ન હતો.વકીલ દીપક શર્માએ દલીલ કરી હતી કે આશિષ પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે. આ કેસ ફકત પૈસા પડાવવાના ઈરાદાથી નોંધવામાં આવ્યો છે. ફરિયાદીને ફરિયાદ નોંધાવવાની આદત છે.તેણીએ આ વર્ષે જનકપુરી પોલીસ સ્ટેશનમાં તેના મકાનમાલિક સામે ફરિયાદ નોંધાવી હતી ''પોલીસ કસ્ટડી રિમાન્ડ પર લેવાયા છતાં, મોબાઈલ ફોન મેળવવા માટે કોઈ ગંભીર પ્રયાસો કરવામાં આવ્યા ન હતા. કાયદા મુજબ, કોઈ શોધખોળ હાથ ધરવામાં આવી ન હતી. રેકોર્ડ પર એવું કંઈ નથી જે દર્શાવે છે કે આરોપીએ તપાસમાં સહકાર આપ્યો ન હતો.વકીલ દીપક શર્માએ દલીલ કરી હતી કે આશિષ પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે. આ કેસ ફકત પૈસા પડાવવાના ઈરાદાથી નોંધવામાં આવ્યો છે. ફરિયાદીને ફરિયાદ નોંધાવવાની આદત છે.

## ૧૫૦૦ પરિવારોની કરશે મદદ

**પંજાબમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે જન-જીવન વેર-વિખેર થઈ ગયું છે. હજારો લોકોને ઘર છોડી સ્થળાંતર કરવું પડ્યું છે**

# પંજાબના પૂર પીડિતો માટે સલમાન બાદ શાહરૂખખાન મદદે આવ્યો

પંજાબમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે જન-જીવન વેર-વિખેર થઈ ગયું છે. હજારો લોકોને ઘર છોડી સ્થળાંતર કરવું પડ્યું છે. હવે આ સંકટ વચ્ચે બોલિવૂડના કલાકારો પણ પૂરથી પ્રભાવિત લોકોને મદદ કરવા આગળ આવ્યા છે. અભિનેતા શાહરૂખ ખાનની મીર ફાઉન્ડેશન અને સ્થાનિક દ્વર્દ મળીને પ્રભાવિત પરિવારને મદદ કરી રહી છે. મીર ફાઉન્ડેશન દ્વારા પંજાબમાં પીડિતોને આવશ્યક રિલીફ કિટ્સનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં દવાઓ, હાઈજીનથી જોડાયેલી વસ્તુ, ખાવા-પીવાનો સામાન, મચ્છરદાની, તાડપત્રી, ફોલ્ડિંગ બેગ, કોર્ટનના ગાદલા અને જરૂરી વસ્તુઓ સામેલ છે. આ મદદ અમૃતસર, પટિયાલા, ફાઝિલ્કા અને ફિરોઝપુર જેવા જિલ્લાના કૂલ ૧૫૦૦ પરિવાર સુધી પહોંચશે. આ સંસ્થાનો ઉદ્દેશ્ય આ પરિવારોને ફરીથી આત્મનિર્ભર બનવામાં મદદ કરવાનો અને તેમને જીવનનિર્વાહ માટે જરૂરી સાધનો પૂરા પાડવાનો છે. શાહરૂખે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરતાં લખ્યું કે, 'પંજાબમાં આ વિનાશક પૂરથી પ્રભાવિત લોકોનું દુઃખ સાંભળીને મારું હૃદય પીગળી રહ્યું છે. હું તેમને દુવા અને હિંમત મોકલી રહ્યો છું. પંજાબ ક્યારેય હિંમત ન હારે. ભગવાન બધાને આશીર્વાદ આપે.' જણાવી દઈએ કે, અભિનેતા શાહરૂખ ખાને મીર ફાઉન્ડેશન એસિડ એટેક પીડિતા અને મહિલાઓ માટે કામ કરે છે. જરૂર પડશે તો હંમેશા આ ફાઉન્ડેશન મદદ માટે આગળ રહેશે. કોવિડ-૧૯ દરમિયાન પણ મીર ફાઉન્ડેશને ઓક્સિજન, રાશન પણ પૂરું પાડ્યું હતું. હવે ફરી એકવાર પંજાબ પૂરમાં પ્રભાવિત લોકોને મદદ માટે આ સંસ્થા આગળ આવી છે. હું તેમને દુવા અને હિંમત મોકલી રહ્યો છું. પંજાબ ક્યારેય હિંમત ન હારે. ભગવાન બધાને આશીર્વાદ આપે.' જણાવી દઈએ કે, અભિનેતા શાહરૂખ ખાને મીર ફાઉન્ડેશન એસિડ એટેક પીડિતા અને મહિલાઓ માટે કામ કરે છે. જરૂર પડશે તો હંમેશા આ ફાઉન્ડેશન મદદ માટે આગળ રહેશે. કોવિડ-૧૯ દરમિયાન પણ મીર ફાઉન્ડેશને ઓક્સિજન, રાશન પણ પૂરું પાડ્યું હતું. હવે ફરી એકવાર પંજાબ પૂરમાં પ્રભાવિત લોકોને મદદ માટે આ સંસ્થા આગળ આવી છે.



### RTOમાં એક નવા જ પ્રકારના કૌભાંડનો પર્દાફાશ થયો

# ૨૨ સેકન્ડમાં ૧૦ સવાલના સાચા જવાબ આપતા પકડાયું લર્નિંગ લાયસન્સનું કૌભાંડ

**લર્નિંગ લાયન્સ માટેની આ ટેસ્ટ ઓનલાઈન હોય છે અને સરકાર દરેક પ્રશ્નના જવાબ આપવા માટે ૩૦ સેકન્ડ ફાળવે છે**




। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ RTOમાં એક નવા જ પ્રકારના કૌભાંડનો પર્દાફાશ થયો છે. તમે લાયસન્સ વહેલું કઢાવવાથી લઈને જુદા જુદા કારણે એજન્ટો સાથે રુપિયાની લેવડ-દેવડના ઘણા કિસ્સા સાંભળ્યા હશે અને છાપે વાંચ્યા હશે. પરંતુ અમદાવાદમાં એક નવા પ્રકારનું કૌભાંડ સામે આવ્યું છે જે છે લર્નિંગ લાઈસન્સ મેળવવાનું કૌભાંડ. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત અહેવાલ મુજબ પ્રાદેશિક પરિવહન કાર્યાલય (RTO) એ ઓનલાઈન લર્નર્સ લાયસન્સ ટેસ્ટમાં હેરફેરી સાથે સંકળાયેલ એક છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે. જેમાં બે અરજદારોએ અનુક્રમે માત્ર ૨૨ અને ૨૭ સેકન્ડમાં ૧૦ પ્રશ્નોના સાચા જવાબ આપ્યા હતા, જેનાથી શંકાઓ ઉભી થતા તપાસ કરવામાં આવી અને આખું કૌભાંડ સામે આવ્યું છે. મહત્વનું છે કે લર્નિંગ લાયન્સ માટેની આ ટેસ્ટ ઓનલાઈન હોય છે અને સરકાર દરેક પ્રશ્નના જવાબ આપવા માટે ૩૦ સેકન્ડ ફાળવે છે.

અમદાવાદ RTOની તપાસમાં લર્નિંગ લાઈસન્સ માટેની ટેસ્ટમાં પકડાયેલા કૌભાંડથી સારથી પરિવહન પોર્ટલમાં રાજ્યવ્યાપી તપાસ શરૂ થઈ છે, જે સરકારના ડ્રાઇવિંગ લાઇસન્સ સેવાઓ માટેનું સત્તાવાર પ્લેટફોર્મ છે. કૌભાંડ સામે આવ્યા પછી અધિકારીઓને શંકા છે કે ભારતભરમાં ઘણા અરજદારોએ તેમના લર્નર્સ લાયસન્સ મેળવવા માટે સિસ્ટમમાં છેડછાડ કરી હોઈ શકે છે.સરકારે દરેક પ્રશ્ન માટે ૩૦ સેકન્ડ જેટલો સમય ફાળવ્યો હોવા છતાં, અરજદારોએ અડધા મિનિટથી ઓછા સમયમાં ૧૫ માંથી ૧૦ પ્રશ્નોના સાચા જવાબ આપીને ફરજિયાત પરીક્ષા પાસ કરી ત્યારે આ વિસંગતતા પ્રકાશમાં આવી. કૌભાંડ સામે આવ્યા પછી અધિકારીઓને શંકા છે કે ભારતભરમાં ઘણા અરજદારોએ તેમના લર્નર્સ લાયસન્સ મેળવવા માટે સિસ્ટમમાં છેડછાડ કરી હોઈ શકે છે.સરકારે દરેક પ્રશ્ન માટે ૩૦ સેકન્ડ જેટલો સમય ફાળવ્યો હોવા છતાં, અરજદારોએ અડધા મિનિટથી ઓછા સમયમાં ૧૫ માંથી ૧૦ પ્રશ્નોના સાચા જવાબ આપીને ફરજિયાત પરીક્ષા પાસ કરી ત્યારે આ વિસંગતતા પ્રકાશમાં આવી. આ ઘટનાએ RTO અધિકારીઓમાં ચિંતા ફેલાવી છે, જેના કારણે સોમવારે કમિશનર ઓફ ટ્રાન્સપોર્ટ (COT) ઓફિસમાં મળેલી બેઠક બાદ તપાસ શરૂ થઈ. પરિવહન વિભાગના મુખ્ય સચિવ રમેશચંદ મીણાએ જણાવ્યું હતું કે, "હું પોર્ટલના ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરતા નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) ના અધિકારીઓને બોલાવીશ, જેથી ખાતરી કરી શકાય કે સિસ્ટમમાં આ રીતે કેવી રીતે છેડછાડ થઈ શકે છે." અધિકારીના જણાવ્યા મુજબ, એક વ્યક્તિએ બ્રાઉઝર ડેવલપર ટૂલ્સનો ઉપયોગ કરીને ઓનલાઈન લર્નર્સ લાયસન્સ ટેસ્ટમાં છેડછાડ કરી હતી. આ કૌભાંડમાં sa@ahi. parivahan.gov.in માં લોગ ઈન કરવું અને પછી બ્રાઉઝરમાં ચોક્કસ URL પેસ્ટ કરીને ૪૦૪ ભૂલ ટ્રિગર કરવી શામેલ છે

# ભાજપા દ્વારા દેવગઢ બારીઆ વિધાન સભાની સંગઠન પર્વની બેઠક યોજવામા આવી



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૩ ।

દેવગઢ બારીઆ વિધાનસભા ની સેવા પખવાડિયા કાર્યક્રમ અંતર્ગત આગામી કાર્યક્રમો માટે અગત્ય ની બેઠક દેવગઢ બારીઆ રત્નદીપ સ્કૂલ ના હોલ ખાતે રાખેલ જેમા દેવગઢ બારીઆ વિધાનસભા ના સમાવિષ્ટ ધાનપુર તાલુકા ભાજપા સંગઠન ના કાર્યકરો હોદેદારો તથા તાલુકા પાર્ટી પ્રમુખ સંયોજકો તથા ગુજરાત સરકાર ના મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાંસદ જસવંતસિંહ ભાભોર સુધીરભાઈ લાડપુર વાળા ભરતભાઈ ભરવાડ મનુભાઈ મકવાણા ભરતભાઈ ભરવાડ ખરીદ વેચાણ સંઘ ના ચેરમેન અમરસિંહ રાઠવા કિરીટભાઈ રાઠવા જીલ્લા પંચાયત ના ઉપપ્રમુખ તથા શહેર પ્રમુખ અને તાલુકા પંચાયત અને પાર્ટી પ્રમુખ હાજર રહ્યા હતા આ કાર્યક્રમ બાબતે બચુભાઈ ખાબડ સાહેબ દ્વારા પોતા ના પ્રવચન મા જણાવ્યું હતું કે બધુ ભેદભાવ ભૂલી કામે લાગવા હાકલ કરી હતી અને આગામી સમય મા આવનારી ચૂંટણી મા સૌ કાર્યકરો એ સાથે મળી એક થઈ તમામ તાલુકા પંચાયત જિલ્લા પંચાયત ની સીટ જીતાડી દેવા માટે કામ કરવા કામે લાગી જવા ની સૂચના આપી હતી કાર્યકરોને.

# કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં ખડગેએ નેતાઓના લીધા ક્લાસ

। જૂનાગઢ, તા.૧૩ ।

કોંગ્રેસના પ્રશિક્ષણ શિબિરમાં રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ નેતાઓના ક્લાસ લીધા હતા. કોંગ્રેસના પ્રમુખોને પરફોર્મન્સ બતાવવા અલ્ટિમેટમ આપ્યું છે. નવી નિમણૂકમાં ૯ જેટલા પ્રમુખોની કામગીરી સામે કેન્દ્રીય નેતૃત્વએ નારાજગી વ્યક્ત કરી છે. હોદ્દા લઈને ઘરે બેસી રહેશો તે નહીં ચાલે, તેવો સ્પષ્ટ સંદેશો તેમણે આપ્યો છે. સત્તા અને જીત મળે કે ન મળે પરંતુ સંગઠન મજબૂત બને તેવા પ્રયત્નો કરવા ટકોર કરાઈ છે. ૯ જેટલા પ્રમુખોની કામગીરીને બિરદાવાઈ છે. દેવભૂમિ દ્વારકા, જામનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિતના જિલ્લા પ્રમુખોની કામગીરીથી પાર્ટી સંતુષ્ટ છે. નબળી કામગીરી ધરાવતા જિલ્લા પ્રમુખોને ૯૦ દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. યોગ્ય કામગીરી નહીં બતાવે તો હોદ્દા પરથી દૂર કરવા સુધીની પાર્ટીની તૈયારી છે. પ્રમુખોની કામગીરીનું સીધુ મોનિટરીંગ દિલ્લી કેન્દ્રીય નેતૃત્વમાંથી ચાલી રહ્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની ટકોર બાદ પણ જૂનાગઢ-કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખની સૂચક ગેરહાજરી સામે આવી છે. કોંગ્રેસના જિલ્લા પ્રમુખ પ્રતાપ દુધાત ગેરહાજર રહ્યા છે. રાષ્ટ્રીય નેતૃત્વએ પ્રતાપ દુધાતની ગેરહાજરીની ગંભીર નોંધ લીધી છે. અગાઉની શિબિરમાં પણ પ્રતાપ દુધાત હાજર રહ્યા ન હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ કે.સી.વેણુગોપાલે કહ્યું કે, કોંગ્રેસમાં જે લોકો કામ કરે છે તેને પ્રોત્સાહન મળશે, જે લોકો કામ નહીં કરે તેની પાસેથી હોદ્દો છીનવી લેવામાં આવશે. બીજી બાજુ, પ્રતાપ દુધાતની ગેરહાજરી પર લાલજી દેસાઈનું નિવેદન સામે આવ્યું છે કે, આ અમારી આંતરિક બાબત છે.

## અંકલેશ્વર કૃષ્ણ નગરમાં ભાડાના મકાનમાં રહેતા ૪૦ વર્ષીય યુવકે જીવન ટૂંકાવ્યું, મકાનમાંથી તીવ્ર દુર્ગંધ આવતા સ્થાનિકોને ખબર પડી

। (માહિતી) અંકલેશ્વર, તા.૧૩ ।

અંકલેશ્વર કૃષ્ણ નગરમાં ભાડાના મકાનમાં રહેતા ૪૦ વર્ષીય યુવાને જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. ચાર દિવસ પૂર્વે જ ઘરમાં યુવકે ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરાઈ છે. મૂળ ઝાડેશ્વરનો યુવક પરિવાર સાથે ભાડે રહેવા આવ્યો હતો. મકાન માંથી તીવ્ર દુર્ગંધ આવતા સ્થાનિકોને ખબર પડતાં તેઓએ પોલીસને જાણ કરી હતી, જેમાં પોલીસ ટીમે મૃતદેહને નીચે ઉતાર્યો હતો.બનાવની વિગતો અનુસાર, ભરૂચ ઝાડેશ્વરનો અને હાલ હાંસોટ રોડ પર આવેલ કૃષ્ણ નગર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા કમલેશભાઈ સોમજીભાઈ રાવલને સ્થાનિક રહીશોએ ચાર દિવસ પૂર્વે સોસાયટીમાં જોયો હતો. ત્યારબાદ તેની ગેરહાજરી જોઈને પત્ની ચાર દિવસ પછી ઘરે પરત આવી અને ઘર ખોલી જોયું તો તે ડરી ગઈ હતી. સ્થાનિકોની મદદથી શહેર ઈ ડિવિઝન પોલીસ મથકે જાણ કરતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. દરવાજો તોડી અંદર પ્રવેશતા અંદર બેડરૂમના પંખાના હુકમાં ફાંસો બનાવી ૪૦ વર્ષીય કમલેશે આપઘાત કરી દીધો હોવાનું સામે આવ્યું. પોલીસ ડાગુઓની મદદથી મૃતદેહને નીચે ઉતાર્યો હતો.યુવકની પત્ની ચાર દિવસ પૂર્વે જ પિયર માં અંકલેશ્વર આંબાવાડી ખાતે ગઈ હતી. જે ચાર દિવસ બાદ ઘર સાફ કરવા આવી ત્યારે પતિએ આપઘાત કરી લીધાનું સામે આવ્યું. પોલીસે પ્રાથમિક તપાસમાં અગમ્ય કારણોસર આપઘાત થયો હોવાનું નોંધ્યું અને મૃતદેહને પી.એમ. માટે ખસેડ્યો હતો. તેમજ મૃતકના પરિજનોનો સંપર્ક કરી આપઘાત પાછળનું કારણ શોધવાની તજવીજ શરૂ કરી હતી.

## હાર્દિક પટેલ કોર્ટમાં હાજર ન થતાં બીજું ધરપકડ વોરન્ટ ઇશ્યુ

। (માહિતી બ્યુરો) અમદાવાદ, તા.૧૩ ।

પાટીદાર અનામત આંદોલન સમયે નોંધાયેલા એક કેસમાં ધારાસભ્ય હાર્દિક પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે સતત બીજીવાર હાર્દિક પટેલ વિરુદ્ધ ધરપકડ વોરન્ટ ઈશ્યુ કર્યું છે. કોર્ટમાં વારંવાર ગેરહાજર રહેવાને કારણે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસની સુનાવણી દરમિયાન હાર્દિક પટેલ વારંવાર કોર્ટમાં ગેરહાજર રહ્યા હતા. અગાઉ ૧૦ સપ્ટેમ્બરના રોજ પણ કોર્ટે તેમની ગેરહાજરીને કારણે ધરપકડ વોરન્ટ ઈશ્યુ કર્યું હતું. જોકે, તેમ છતાં તેઓ આજે (૧૨ સપ્ટેમ્બર) કોર્ટમાં હાજર ન રહેતા, કોર્ટે કડક વલણ અપનાવીને ફરી એકવાર ધરપકડ વોરન્ટ ઈશ્યુ કર્યું છે. કોર્ટના આ આદેશ બાદ પોલીસ હવે હાર્દિક પટેલની ધરપકડ કરીને તેમને કોર્ટમાં રજૂ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર આંદોલન સંબંધિત કેસોમાં હાર્દિક પટેલ સામે ધરપકડ વોરન્ટ ઈશ્યુ થઈ ચૂક્યા છે. એક ધારાસભ્ય હોવા છતાં કાયદાકીય પ્રક્રિયામાં સતત ગેરહાજર રહેવું તેમના માટે નવી મુશ્કેલીઓ ઊભી કરી કરી છે. નોંધનીય છે કે આ કેસ વર્ષ ૨૦૧૮માં હાર્દિક પટેલના ઉપવાસ આંદોલન દરમિયાન નોંધવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, તે સમયે હાર્દિક પટેલે અમદાવાદના નિકોલ વિસ્તારમાં પાટીદારોને અનામત આપવાની અને ખેડૂતોના દેવા માફીની માંગ સાથે ઉપવાસની જાહેરાત કરી હતી.

# PIની રિવોલ્વર છીનવી ભાગતા આરોપી પર પોલીસનું ફાયરિંગ

**સંગ્રામસિંહે ક્રાઈમ બ્રાન્ચના PIની રિવોલ્વર છીનવી હુમલાનો પ્રયાસ કર્યો ; અધિકારીએ પગમાં ગોળી ધરબી**



। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદમાં રામોલ વિસ્તારમાં લૂંટ વિથ અપહરણનો મામલામાં નવો વળાંક આવ્યો છે. આરોપીએ પોલીસની રિવોલ્વર છીનવવાનો પ્રયાસ કરતા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ તેના પર ફાયરિંગ કર્યું હતું. જેથી આરોપી સંગ્રામસિંહના પગ પર ગોળી વાગી છે. રામોલ લૂંટ વિથ અપહરણના કેસમાં ૬ આરોપીઓની ધરપકડ થઈ છે. આરોપીઓએ ૫૩ લાખની લૂંટને અંજામ આપ્યો હતો. જેમાં પોલીસની રિવોલ્વર છીનવીને ભાગતા આરોપીને પગમાં ગોળી વાગતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો છે. જો કે, આ રાજ્યમાં પહેલી ઘટના નથી જ્યારે કોઈ આરોપીએ પોલીસ પર હુમલો કર્યો હોય. આ પહેલા વાપીમાં પણ એક આરોપીએ પોલીસ પર છરીથી હુમલો કર્યો હતો અને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ પોલીસે સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હતું અને આરોપીને ઈજા થઈ હતી. આ આરોપી સુરતના લિંબાયત વિસ્તારમાં થયેલી કાપડ દલાલની હત્યાના કેસનો આરોપી હતો. જેનું નામ અશફાક શેખ હતું. અમદાવાદના રામોલના વસ્ત્રાલમાંથી એક જમીન દલાલનું અપહરણ કરીને લૂંટના ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો. જે અંગે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારે રામોલ પોલીસે સમગ્ર મામલે ભાણેજ સહિત છ આરોપીની ધરપકડ કરી તમામ મુદ્દામાલ કબજે કર્યો છે. જો સમગ્ર બનાવની વાત કરવીએ તો, ભાણાએ મામાના અપહરણ અને લૂંટના પ્લાન માટે ઈનોવા લીધી અને ગુનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. મામાનું અપહરણ કરીને સોના ચાંદીના દાગીના સહિત કુલ ૫૩ લાખ લૂંટી લેનાર ભાણો જ હતો. વટવામાં રહેતા અને જમીન દલાલીનું કામકાજ કરતા શખ્સનું અપહરણ કરીને રોકડા રૂપિયા અને સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૫૩ લાખની લૂંટ ચલાવીને મામાનું અપહરણ કરનારા ભાણેજ સહિત ૬ આરોપીને રામોલ પોલીસે રાજસ્થાન પોલીસની મદદ લઈને ઝડપી પાડ્યો છે. તમામ ૬ આરોપી ઓને રાજસ્થાનના કોટા શહેરમાંથી ઝડપી લેવાયા છે. તેમજ લૂંટમાં ગયેલા ૧૦૦ ટકા મુદામાલ રીકવર કરીને અપહરણ વિથ લૂંટના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

# વડોદરા કોર્પોરેશનના ૧૨૩૨ કર્મચારીઓને છઠ્ઠા પંચ મુજબ ઘર ભાડાનો તફાવત ચુકવાયો નથી

**કર્મચારીઓને પરિપત્ર મુજબ ઘર ભાડાનો લાભ આપવા ચીફ ઓડિટરની કચેરીમાં મીટીંગ રાખવામાં આવેલ હતી**




। (માહિતી) વડોદરા,તા.૧૩ ।

વડોદરા મહાનગર પાલિકાના કર્મચારીઓને ગુજરાત સરકારના ધોરણે છઠ્ઠા પંચ મુજબ ઘર ભાડા (HRA) તફાવત હિસાબી શાખા પરિપત્ર મુજબ ચુકવવામાં આવેલ છે, કેટલાક કર્મચારીઓને પરિપત્રમાં દર્શાવેલ તારીખ પ્રમાણે ખાતા દ્વારા કાર્યવાહી થયેલ ના હોવાના કારણે અંદાજીત ૧૨૩૨ જેટલા કર્મચારીઓને ઘર ભાડાનો તફાવત ચુકવાયેલ નથી. તેવા કર્મચારીઓને પરિપત્ર મુજબ ઘર ભાડાનો લાભ આપવા ચીફ ઓડિટરની કચેરીમાં મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં ચીફ ઓડિટર, ચીફ એકાઉન્ટન્ટ અને આઈ.ટી. ડારરેકટર હાજર રહેલ હતા. ઘર ભાડાનો તફાવત ચુકવાયેલ નથી તેવા કર્મચારીઓને હિસાબી શાખા મુજબ ઘર ભાડા ચુકવવા અંગે કરવાની થતી કાર્યવાહી અંગેની ચર્ચાની મિનીટસ તૈયાર કરવામાં આવી છે. જે વિભાગના કર્મચારીઓને તા.૩૧.૧૨.૨૦૨૪ મુજબ ઘર ભાડા તફાવત ચુકવવાનો બાકી હોય તેવા તમામ વિભાગો દ્વારા કર્મચારીઓના વર્ષ ૨૦૧૬ના બેઝીક પગાર ધ્યાને લઇ વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ના સમયગાળા દરમ્યાન દર વર્ષ જુલાઈ માસમાં છોડવા પાત્ર છઠ્ઠા પગાર પંચ મુજબ નોશનલ ઈજાફો ઉમેરીને દરેક વર્ષના જુલાઈ માસનો બેઝિક પગાર તેમજ ગ્રેડ-પે તેમજ છઠ્ઠા પગાર પંચ મુજબ સ્થગિત કરેલ ઘર ભાડાની વિગતો ભરી તેને ઓડિટ વિભાગમાંથી તા.૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં વેરીફાય તેમજ માન્ય કર્યા બાદ આઈ.ટી. વિભાગમાં મોકલવાના રહેશે. આઈ.ટી. વિભાગ દ્વારા ઓડિટ તરફથી માન્ય થયેલ પત્રક મુજબ તેમજ તેમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધીના દરેક વર્ષના જુલાઈ માસના બેઝીક પગાર તથા ગ્રેડ પેની સાથે સ્થગિત કરેલ ઘર ભાડાની વિગતો ધ્યાને લઈ ૦૧.૦૭.૨૦૧૭થી ૩૦.૦૯.૨૦૨૨ સુધીના ઘર ભાડા તફાવતના પત્રકો ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં તૈયાર કરવાના રહેશે જેને સંબધિત મહેકમ કલાર્કે આઇ.ટી. વિભાગમાંથી મેળવી લેવાના રહેશે. સંબંધિત વિભાગના મહેકમ કલાર્કે ઘરભાડા તફાવતના પત્રકોની ચકાસણી કરી જરૂર જણાય તેમાં સુધારો કરી તેના પર કચેરી વડાની સહી કરાવી ઓડિટ વિભાગ પાસેથી તા.૦૧થી ૧૫ ઓકટોબર સુધીમાં મંજુર કરાવી લેવાના રહેશે. ઓડિટ શાખા દ્વારા મંજુર થયેલ ઘર ભાડા તફાવતના પત્રકો હિસાબી શાખામાં મોકલી આપવાના રહેશે. હિસાબી શાખા દ્વારા ઘર ભાડા તફાવતની રકમ નવેમ્બર-૨૫ (પેઈડ ઈન ડિસેમ્બર-૨૫)ના પગાર સાથે ચુકવણા લગત આગળની કાર્યવાહિ હાથ ધરવાની રહેશે. જે વિભાગના કર્મચારીઓને હિસાબી શાખા પરિપત્ર મુજબ ઘર ભાડા તફાવત ચુકવવાનો બાકી હોય તેવા તમામ વિભાગો દ્વારા સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. પ્રક્રિયા બાદ પણ આ પ્રકારના ચુકવણા બાકી રહે તો ચુકવણા લગતની કાર્યવાહી અર્થે દર વર્ષના જાન્યુઆરી માસમાં ડેટા ફોર્મ ઓડીટ શાખાએથી મંજુર કરાવી માર્ચમાં (પેઈડ ઈન એપ્રીલમાં) ચુકવણા ફરવાના રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે અમુક મુદ્દાઓ પર બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવનમાં સ્થાન પણ આપી શકો છો? મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે લાગણીની દ્દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**કર્ક (ડ,હ) :**
આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્ત્રોત દેખાશે.

**સિંહ (મ,ટ) :**
એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો. એ દરમિયાન જ થોડોક સમય આનંદ-પ્રમોદની પ્રવૃત્તિઓમાં પણ ખર્ચો, જેથી વેગ જળવાઈ રહે તથા તમારૂં શરીર રિચાર્જ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**તુલા (ર,ત) :**
જો તમે ધૂમ્રપાન ની ટેવ હોયતો છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. તમારા સાથી ને ફક્ત તમારી પાસે થી થોડો સમય જોઈએ છે પરંતુ તમે તેમને સમય આપવા માટે અસમર્થ છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. આ રાશિ ના વિદ્યાર્થીઓ આજે મોબાઈલ માં આખો દિવસ બગાડી શકે છે. આજે તમારા લગ્નજીવનમાં બધું જ ખુશખુશાલ જણાય છે.

**મકર (ખ,જ) :**
આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.

### મોંઘવારી વધવાની શક્યતા

# ડોલર સામે સતત ગગડતો રૂપિયો ૮૮.૪૬ના નવા તળિયે

## રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૧૧ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૧૯.૫૮ થઈ છેલ્લે રૂપિયા ૧૧૯.૪૧ રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

હુંડિયામણ બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી વધી ઉંચામાં રૂ.૮૮.૪૬ની રેકોર્ડ સપાટીએ પહોંચી ગયા હતા. સામે રૂપિયો ગબડી નવા નીચા તળીયે પટકાયો હતો. રૂપિયો તૂટતાં દેશમાં આયાત થતી વિવિધ ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ હવે વધી જશે તથા મોંઘવારી વધુ વકરશે એવી ભીતી બજારના જાણકારો બતાવી રહ્યા હતા. રૂપિયા સામે આજે ડોલરના ભાવ રૂ.૮૮.૧૧ વાળા સવારે રૂ.૮૮.૧૨ખુલ્યા પછી ભાવ ઝડપી વધી ઉંચામાં રૂ.૮૮.૪૬ની નવી ટોચે પહોંચી ગયા હતા અને ત્યારબાદ ભાવ રૂ.૮૮.૪૨ના મથાળે બંધ રહ્યા હતા. રૂપિયા સામે ડોલરના ભાવ વધુ ૩૧ પૈસા વધતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૩૫ ટકા તૂટી ગયો હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. જોકે મુંબઈ શેરબજારમાં તેજી આગળ વધી હતી તથા વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં ઉંચેથી પીછેહટ દેખાઈ હતી છતાં કરન્સી બજારમાં રૂપિયો સતત તૂટતાં બજારના જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા.અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલી આકરી ટેરીફના પગલે રૂપિયા પર દબાણ વધ્યું હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. ડોલર સામે એશિયાના વિવિધ દેશોની કરન્સીઓ તાજેતરમાં ઘટી છે પરંતુ રૂપિયામાં નોંધાયેલો ઝડપી ઘટાડો આ કરન્સીઓમાં સૌથી વધુ બતાવાઈ રહ્યો હતો. આ પૂર્વે તાજેતરમાં રૂપિયો તૂટી રૂ.૮૮.૩૮ સુધી ઉતર્યો હતો અને આજે રૂપિયો વધુ તૂટતાં નીચામાં રૂ.૮૮.૪૬નું નવું તળીયું દેખાતાં બજારમાં ખાસ્સી ચકચાર જાગી હતી.ડોલરમાં આયાતકારોની હેજીંગ સ્વરૂપની માગ પણ વધી છે. રૂપિયાને સપોર્ટ આપવા રિઝર્વ બેન્કની કહેવાતી સુચનાથી વિવિધ સરકારી બેન્કો તાજેતરમાં ઉંચા મથાળે ડોલર વેંચી રહી હતી છતાં રૂપિયા પર દબાણ વધતું જોવા



મળ્યું હતું. અમેરિકાની આકરી ટેરીફના પગલે ભારતના નિકાસકારો મુંઝવણમાં મુકાયા છે ત્યારે રૂપિયો તૂટતાં તથા ડોલર ઉંચકાતાં નિકાસકારોને તેટલા પ્રમાણમાં રાહત પણ સર્જાઈ હોવાનું બજારનો અમુક વર્ગ જણાવી રહ્યો હતો. દરમિયાન, અમેરિકામાં તાજેતરમાં જોબગ્રોથના આંકડા નિરાશાજનક આવ્યા પછી હવે ફુગાવો પણ અપેક્ષા કરતાં વધુ ઘટયાના સમાચાર આવ્યા પછી એ જોતાં ત્યાં હવે પછી ટૂંકમાં મળનારી ફેડરલ રિઝર્વની મિટિંગમાં વ્યાજના દરમાં ઘટાડો થવાની શક્યતા વધી હોવાનું વિશ્વબજારના જાણકારો જણાવી રહ્યા હતા. અમેરિકામાં જથ્થાબંધ ફુગાવો ઘટયો છે. ત્યાં હવે વ્યાજના દરમાં કેટલો ઘટાડો કરવામાં આવે છે તેના પર બધાની નજર રહી હતી. ત્યાં ફેડરલ રિઝર્વની મિટિંગ ૧૬ તથા ૧૭ સપ્ટેમ્બરે મળવાની છે.જાપાનમાં ફુગાવો વધ્યો છે. યુરોપની સેન્ટ્રલ બેન્કની મિટિંગ પર પણ ખેલાડીઓની નજર રહી હતી. દરમિયાન,વિશ્વબજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે આજે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૦.૨૨ ટકા વધ્યો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૯૭.૭૭ તથા ઉંચામાં ૯૮.૦૪ થઈ ૯૭.૯૯ રહ્યો હતો. યુરોપમાં વ્યાજના દર જાળવી રાખવાનું નક્કી થયાના સમાચાર મોડેથી મળ્યા હતા.દરમિયાન, રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૧૧ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૧૯.૫૮ થઈ છેલ્લે રૂ.૧૧૯.૪૧ રહ્યા હતા જ્યારે યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૧૫ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૩.૪૪ થઈ છેલ્લે ભાવ રૂ.૧૦૩.૩૫ રહ્યા હતા. જોકે રૂપિયા સામે જાપાનની કરન્સી આજે ૦.૧૦ ટકા ઘટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૩૪ ટકા ઉંચકાઈ હતી. દરમિયાન,વિશ્વબજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે આજે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૦.૨૨ ટકા વધ્યો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૯૭.૭૭ તથા ઉંચામાં ૯૮.૦૪ થઈ ૯૭.૯૯ રહ્યો હતો. યુરોપમાં વ્યાજના દર જાળવી રાખવાનું નક્કી થયાના સમાચાર મોડેથી મળ્યા હતા.દરમિયાન, રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૧૧ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૧૯.૫૮ થઈ છેલ્લે રૂ.૧૧૯.૪૧ રહ્યા હતા જ્યારે યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૧૫ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૩.૪૪ થઈ છેલ્લે ભાવ રૂ.૧૦૩.૩૫ રહ્યા હતા. જોકે રૂપિયા સામે જાપાનની કરન્સી આજે ૦.૧૦ ટકા ઘટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૩૪ ટકા ઉંચકાઈ હતી.

### સચિન આગામી પ્રમુખ બનશે તેવી અફવાઓનો અંત,

## બીસીસીઆઈના પ્રમુખ બનવાની અટકળોને સચિન તેંડુલકરે ફગાવી

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

મહાન ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરે ભારતીય ક્રિકેટ બોર્ડના આગામી પ્રમુખ બનવા અંગે ચાલી રહેલી અટકળોને ગુરુવારે ફગાવી દીધી હતી. છેલ્લા કેટલાક દિવસથી એવી અટકળો ચાલી રહી હતી કે આ મહિનાને અંતે મળનારી બીસીસીઆઈની બેઠકમાં આગામી પ્રમુખનો નિર્ણય લેવાનારો છે તેમાં પ્રમુખપદ માટેનો મુખ્ય દાવેદાર સચિન તેંડુલકર છે. પરંતુ ગુરુવારે તેણે આ અટકળો ફગાવી દીધી હતી. બાવન વર્ષીય સચિન તેંડુલકરની મેનેજમેન્ટ ફર્મે ગુરુવારે ખુલાસો કર્યો હતો કે આવી કોઈ શક્યતા નથી. બીસીસીઆઈના પ્રમુખ તરીકે રોજર બિન્નીએ તેમનો કાર્યકાળ પૂર્ણ કર્યો અને નિયમ મુજબ તેમણે ૭૦ વર્ષની વયે આ હોદ્દો છોડી દેતાં આ સ્થાન ખાલી પડ્યું છે.સચિન તેંડુલકરની કંપનીએ જારી કરેલા નિવેદનમાં એમ જણાવવામાં આવ્યું હતું કે સચિન તેંડુલકરને બીસીસીઆઈના આગામી પ્રમુખ તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે અથવા તો નોમિનેટ કરવામાં આવ્યા છે તેવા અહેવાલ અને અફવા અમારા ધ્યાનમાં આવી છે પરંતુ અમે એ ખુલાસો કરવા માગીએ છીએ કે આ પ્રકારની કોઈ વાતમાં સત્યતા નથી. અમે તમામને વિનંતી કરીએ છીએ કે આ પ્રકારની પાયાવિહોણી બાબતોથી દૂર રહે અને આવી કોઈ અટકળને ફગાવી દઈએ છીએ.

### ICCનો ઐતિહાસિક નિર્ણય

## મહિલા અમ્પાયર અને મેચ અધિકારીઓની પેનલની જાહેરાત

### મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ ૩૦ સપ્ટેમ્બરથી ૨ નવેમ્બર દરમિયાન ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે યોજશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

આગામી મહિલા વર્લ્ડ કપ માટે ICCએ એક મોટી જાહેરાત કરી છે. આ વર્લ્ડ કપ ૩૦ સપ્ટેમ્બરથી ૨ નવેમ્બર સુધી ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાશે. ICCએ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ માટે મહિલા અમ્પાયર અને મેચ અધિકારીઓની પેનલની જાહેરાત કરી છે. આ પહેલી વાર બનશે કે ટુર્નામેન્ટના તમામ મેચ અધિકારીઓ અને અમ્પાયર મહિલાઓ હશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)એ વર્લ્ડ કપ અંગે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. ICC પ્રમુખ જય શાહે કહ્યું, મહિલા ક્રિકેટની સફરમાં આ એક નિર્ણાયક ક્ષણ છે. અમને આશા છે કે આ રમતના તમામ પાસાઓમાં ઘણી નવી કહાનીઓનો માર્ગ મોકળો કરશે. મેચ અધિકારીઓ તરીકે મહિલા પેનલનો સમાવેશ એ માત્ર એક મોટી સિદ્ધિ જ નહીં પરંતુ ક્રિકેટમાં લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે ICCની અતૂટ પ્રતિબદ્ધતાનું મજબૂત પ્રતિબિંબ પણ છે. તેમણે કહ્યું, આ વિકાસ પ્રતીકાત્મક મૂલ્યથી ઘણો આગળ છે. તે દશ્યતા, તક અને આવનારી પેઢીઓને પ્રેરણા આપી શકે તેવા અર્થપૂર્ણ રોલ મોડેલ બનાવવા વિશે છે. વૈશ્વિક મંચ પર શ્રેષ્ઠતાને ઉજાગર કરીને, અમારું લક્ષ્ય આકાંક્ષાઓને પ્રજ્વલિત કરવાનું અને લિંગ-ભેદથી આગળ વધીને ક્રિકેટમાં નેતૃત્વ અને પ્રભાવને મજબૂત બનાવવાનું છે. તે દશ્યતા, તક અને આવનારી પેઢીઓને પ્રેરણા આપી શકે તેવા અર્થપૂર્ણ રોલ મોડેલ બનાવવા વિશે છે. વૈશ્વિક મંચ પર શ્રેષ્ઠતાને ઉજાગર કરીને, અમારું લક્ષ્ય આકાંક્ષાઓને પ્રજ્વલિત કરવાનું અને લિંગ-ભેદથી આગળ વધીને ક્રિકેટમાં નેતૃત્વ અને પ્રભાવને મજબૂત બનાવવાનું છે. શાહે કહ્યું, મહિલા રમતના વિકાસમાં એક નવા અધ્યાયને ઓળખવાનો અમને ગર્વ છે. અમારું માનવું છે કે આ પહેલની અસર આ ટુર્નામેન્ટથી ઘણી આગળ વધશે, જે વિશ્વભરની વધુને વધુ મહિલાઓને અમ્પાયરિંગ કારકિર્દી બનાવવા અને રમતમાં શું શક્ય છે તે ફરીથી વ્યાખ્યાયિત કરવામાં મદદ કરશે. ICC દ્વારા જાહેર કરાયેલ અમ્પાયર અને રેફરીના પેનલમાં ત્રણ ભારતીય નામોનો પણ સમાવેશ થાય છે. GS લક્ષ્મી રેફરી હશે, જ્યારે વૃંદા રાઠી અને ગાયત્રી વેણુગોપાલન અમ્પાયર હશે.

ICC મેચ અધિકારીઓની પેનલ

મેચ રેફરીઃ ટ્રૂડી એન્ડરસન, શાંડ્રે ફ્રિટ્ઝ, GS લક્ષ્મી, મિશેલ પરેરા.

અમ્પાયર્સઃ લોરેન એજેનબેગ, કેન્ડેસ લા બોર્ડે, કિમ કોટન, સારાહ ડામ્બનેવાના, શથિરા ઝાકિર જેસી, કરીન ક્લાસ્તે, જનાની એન, નિમાલી પરેરા, ક્લેર પોલોસાક, વૃંદા રાઠી, સુ રેડફર્ન, એલોઈસ શેરિડન, ગાયત્રી વેણુગોપાલન, જેકલીન વિલિયમ્સ.

## વોશિંગટન સુંદરે અચાનક એશિયા કપ સ્ક્વોડ છોડી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

એશિયા કપ ૨૦૨૫મા ભારતીય ટીમે જીત સાથે શરૂઆત કરી છે. પ્રથમ મેચમાં ભારતે યુએઈને ૯ વિકેટે કારમો પરાજય આપ્યો હતો. હવે ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવારે ટક્કર થવાની છે. પરંતુ આ પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. ટીમના ઓલરાઉન્ડર વોશિંગટન સુંદરે અચાનક એશિયા કપ સ્ક્વોડ છોડી ઈંગ્લેન્ડ જવાનો નિર્ણય કર્યો છે. હકીકતમાં વોશિંગટન સુંદરને આ ટૂર્નામેન્ટ માટે રિઝર્વ ખેલાડીમાં સામેલ કરવામાં આવ્યો હતો. તેવામાં ટૂર્નામેન્ટમાં મેચ રમવાની સંભાવના નહિવત હતી. આ વચ્ચે તેને ઈંગ્લિશ કાઉન્ટી ટીમ હેમ્પશાયર તરફથી રમવાની ઓફર મળી, જેનો તેણે સ્વીકાર કર્યો છે. સુંદર હવે કાઉન્ટી ચેમ્પિયનશિપની બે મેચ માટે હેમ્પશાયર ટીમમાં સામેલ થયો છે. હેમ્પશાયર ક્રિકેટ ક્લબએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ વિશે જાણકારી આપતા સુંદરનું સ્વાગત કર્યું અને લખ્યું, અમને સુંદરને ટીમમાં સામેલ કરવાનો વિશ્વાસ હતો. તમારૂ સ્વાગત છે વાશી! ભારતીય ઓલરાઉન્ડર વોશિંગટન સુંદર હેમ્પશાયર તરફથી રોઝ એન્ડ ક્રાઉન વિરુદ્ધ છેલ્લી બે મેચ માટે રમશે. ક્લબ ક્રિકેટના ડાયરેક્ટર ગાઈલ્સ વ્હાઈટે પણ સુંદરને લઈને ખુશી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું- અમે વોશિંગટનને ટીમમાં સામેલ કરી ઉત્સાહિત છીએ.

### રાષ્ટ્રપતિએ કહ્યું મોતની સજા આપીશું

## ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ ચાર્લી કર્કનો હત્યારો ઝડપાયો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે રૂઢિવાદી એક્ટિવિસ્ટ ચાર્લી કર્કની હત્યામાં એક સંદિગ્ધની ધરપકડ કરી લીધી છે. બુધવારે યૂટા વેલી યુનિવર્સિટીના એક પ્રોગ્રામ દરમ્યાન કર્કની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓએ હુમલાખોરોને પકડવા માટે દેશવ્યાપી સર્ચ ઓપરેશન ચલાવ્યા બાદ હવે શંકાસ્પદ હુમલાખોરની ધરપકડ કરાઈ છે. તેની સાથે જ હુમલાખોરને પકડવા માટેનું સર્ચ ઓપરેશન ખતમ થયું છે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, મને લાગે છે કે તે અમારા હાથમાં આવી ગયો છે. તેમણે આગળ કહ્યું કે શંકાસ્પદને જાણનારા એક વ્યક્તિએ તેને પકડાવ્યો છે. તેની સાથે જ ટ્રમ્પે પોતાના કટ્ટર સમર્થકની હત્યાને ફરી એક વાર જઘન્ય ગણાવ્યું છે. તેમણે કહ્યું કે તેને કોઈ નજીકનાએ તેને પકડાવ્યો છે. એક મંત્રી અને તેના પિતાએ પકડવામાં મદદ કરી. હાલ સંદિગ્ધ પોલીસ હેડક્વાર્ટરમાં છે. મને આશા છે કે તેને મોતની સજા મળશે. ટ્રમ્પે કહ્યું કે, હાલમાં એ ખબર નથી કે શંકાસ્પદ કોઈ મોટા નેટવર્કનો ભાગ હતો કે નહીં.

## સારું કહેવાય કે PM મોદી મણિપુર જશે, પણ હાલ વોટ ચોરીનો મુદ્દો મહત્ત્વનો : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૧૩ સપ્ટેમ્બરના રોજ મિઝોરમ અને મણિપુરની મુલાકાત લેવાના છે. આ મુલાકાત પર લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે, મણિપુરમાં આ મુદ્દો (કોમી તણાવ) લાંબા સમયથી ચાલી રહ્યો છે. આ સારી વાત છે કે, તે છેક હવે મુલાકાત લઈ રહ્યા છે. પરંતુ દેશનો મુખ્ય મુદ્દો 'વોટ ચોરી'નો છે. તેમણે હરિયાણા અને મહારાષ્ટ્રમાં ચૂંટણી જનાદેશની ચોરી કરી છે. દેશભરના લોકો વડાપ્રધાનને વોટ ચોર કહી રહ્યા છે. મણિપુરમાં હિંસા થયા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અવારનવાર મણિપુરની મુલાકાત લઈ ચૂક્યા છે. તેમણે મણિપુરના લોકો સાથે મળી તેમની ચિંતા અને પ્રશ્નો સંસદ સુધી પહોંચાડ્યા હતા. વડાપ્રધાન મોદી હિંસાના ૨૭ મહિના બાદ મણિપુરની મુલાકાત લઈ રહ્યા છે. વડાપ્રધાન મોદી આવતીકાલે મિઝોરમ અને મણિપુરની મુલાકાત લેવાના છે. મણિપુરમાં મે, ૨૦૨૩માં કુકી અને મૈતઈ સમુદાયો વચ્ચે કોમી સંઘર્ષ બાદ આ તેમની પ્રથમ મુલાકાત હશે. મણિપુર હિંસામાં અત્યાર સુધી ૨૬૦થી વધુ લોકોના મોત થયા છે. હજારો પરિવાર વિસ્થાપિત થયા છે. અનેક લોકોના પરિવાર રઝળી પડ્યા છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં મુખ્યમંત્રી એન. બિરેનસિંહના રાજીનામા બાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, વડાપ્રધાન મોદી મણિપુરમાં રૂ. ૮૫૦૦ કરોડની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે. વડાપ્રધાન મોદી કુકી અને મૈતેઈ સમુદાયોના પ્રતિકાત્મક કેન્દ્રો ચુરાચાંદપુર અને ઈમ્ફાલમાં આયોજિત કાર્યક્રમમાં સામેલ થશે. તેઓ હિંસાના પીડિતો-બેઘર પરિવારોની મુલાકાત પણ લઈ શકે છે. તેમજ તેમના પુનર્વસન માટે રાહત પેકેજ જાહેર કરશે.

### દુર્ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભય

## સિક્કિમમાં ભૂસ્ખલનના કારણે ચાર લોકોના મોત, ત્રણ લોકો ગુમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ગંગટોક : સિક્કિમમાં ભૂસ્ખલનના કારણે ચાર લોકોના મોત થયા છે અને ત્રણ લોકો ગુમ છે. આ અંગે મળતી માહિતી મુજબ રાજ્યના પશ્ચિમ ભાગમાં આવેલા ઉપલા રિમ્બીમાં ગુરુવારે રાત્રે ભૂસ્ખલન થયું હતું. પોલીસે આપેલી માહિતી મુજબ ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. સ્થાનિકો અને સેનાના જવાનો સાથે મળીને રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.આ દુર્ઘટનામાં પોલીસે પૂર પ્રભાવિત હ્યુમ નદી પર ઝાડની ડાળીથી એક કામચલાઉ પુલ બનાવીને બે ઘાયલ મહિલાને સુરક્ષિત રીતે નીકાળી હતી. તેમને સારવાર માટે જીલ્લા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જયારે એક મહિલાનું સારવાર દરમિયાન મોત થયું છે. જયારે બીજી મહિલાની હાલત નાજુક છે. પોલીસે જણાવ્યું છે કે અમે મુશ્કેલ હાલતમાં બચાવ કામગીરી કરી પરંતુ હજુ ત્રણ લોકો ગુમ છે.ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે સોમવારે સિક્કિમના ગ્યાલશિંગ જીલ્લામાં અડધી રાત્રે ભૂસ્ખલન થયું હતું અને તબાહી મચાવી હતી. આ દુર્ઘટનામાં થાંગશિંગ ગામની ૪૫ વર્ષની મહિલાનું મોત થયું હતું. તેમજ ઘરને પણ નષ્ટ કર્યું હતું. આ દુર્ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભય ફેલાયો છે. સિક્કીમમાં સતત થઈ રહેલી ભૂસ્ખલનની ઘટનાઓ બાદ જીલ્લા વહીવટીતંત્રઓએ આવા વિસ્તારના લોકોને સતર્ક રહેવા જણાવ્યું છે.

### બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે સજા ફટકારી

## બ્રાઝિલના પૂર્વ રાષ્ટ્રપતિ બોલ્સોનારોને ૨૭ વર્ષની જેલની સજા ફટકારી

। (એજન્સી) બ્રાઝિલિયા, તા.૧૩ ।

હાલ દુનિયાના ઘણા દેશોમાં મોટા રાજકીય બદલાવો થઈ રહ્યા છે, નેપાળમાં યુવા પ્રદર્શનકારીઓએ સત્તા ઉથલાવી દીધી છે, જાપાનના વડાપ્રધાનને રાજીનામું આપવાની ફરજ પડી છે, ફ્રાંસમાં પણ સરકાર વિરોધી પ્રદર્શનો થઈ રહ્યા છે. એવામાં બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે એક મોટો ચુકાદો આવ્યો છે. કોર્ટે ગુરુવારે દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જાયર બોલ્સોનારોને ૨૭ વર્ષ અને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી છે.જાયર બોલ્સોનારો ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી બ્રાઝિલના રાષ્ટપતિ રહ્યા હતાં. વર્ષ ૨૦૨૨માં ડાબેરી લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા સામે ચૂંટણી હારી ગયા બાદ સત્તા પાછી મેળવવા બળવાનું કાવતરું ઘડવાના ગુનામાં તેમને દોષી ઠેરવવામાં આવ્યો છે.બોલ્સોનારો કુલ પાંચ ગુનામાં તેઓ દોષિત ઠર્યા છે, કુલ મળીને તેમને ૪૩ વર્ષની સજા થઈ શકે છે, પરંતુ ૭૦ વર્ષીય બોલ્સોનારોની ઉંમર અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કોર્ટે સજામાં રાહત આપીને ૨૭ વર્ષ અને ૩ મહિના કરી છે. ચુકાદાને પાંચમાંથી ચાર ન્યાયાધીશોએ સમર્થન આપ્યું છે, હવે બોલ્સોનારોને બાકીનું જીવન જેલમાં વિતાવવું પડી શકે છે.બોલ્સોનારો બ્રાઝિલની સેનામાં કેપ્ટન રહી ચુક્યા છે. બોલ્સોનારો સત્તા પર હતાં ત્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન મળતું રહ્યું હતું. ચૂંટણી હાર્યા બાદ બોલ્સોનારોએ વર્ષ ૨૦૨૩ ની શરૂઆતમાં લુલા, તેમના ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિન અને સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ એલેકઝાન્ડ્રે ડી મોરેસની હત્યાનું કાવતરું ઘડ્યું હતું.૨૦૧૬માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડિલ્મા રૂસેફને મહાભિયોગથી હટાવ્યા બાદ બોલ્સોનારો લાઈમ લાઈટમાં આવ્યા હતાં. વર્ષ ૨૦૧૮ માં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના પ્રચાર દરમિયાન, તેમના પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, પેટમાં ગંભીર ઘા થયા છતાં તેમનો જીવ બચી ગયો હતો.તેમના સાશનકાળ દરમિયાન બોલ્સોનારોને "ટ્રમ્પ ઓફ ધ ટ્રોપિક્સ" તરીકે ઓળખવામ આવતા હતાં, કોવિડ-૧૯ પાનડેમિક દરમિયાન તેમણે મોટા પ્રમાણમાં થયેલા મોતના આંકડા છુપાવ્યા હતાં અને એમેઝોનના જંગલોની મોટા પાયે કાપણી કરવામાં આવી હતી, જેના કારણે લોકોમાં રોષ વ્યાપી ગયો હતો.વર્ષ ૨૦૨૨માં યોજાયેલી ચૂંટણીમાં તેમને હાર મળી, તેમનો કાર્યકાળ પૂર્ણ થાય એના બે દિવસ પહેલા બ્રાઝિલ છોડીને યુએસના ફ્લોરિડા નાસી ગયા. એક અઠવાડિયા પછી, ૮ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ ચૂંટાયેલા લુલાને હાંકી કાઢવા માટે બોલ્સોનારો સમર્થકોએ રાષ્ટ્રપતિ નિવાસ, સંસદ અને સુપ્રીમ કોર્ટ પર હુમલો કર્યો, પરંતુ આ બળવો નિષ્ફળ નીવડ્યો હતો. ત્યાર બાદ બોલ્સોનારો પર હિંસા ભડકાવવાના આરોપ સાથે કેસ ચલાવવામાં આવ્યો હતો. બોલ્સોનારોને બ્રાઝિલના રાજકારણમાં પ્રભાવશાળી "બાઈબલ, બુલેટ્સ અને બીફ" ગઠબંધનનો ટેકો મળ્યો હતો. આ જૂથ ઈવેન્જેલિકલ ક્રિશ્ચિયન અને કટ્ટરપંથીઓનું બનેલું છે. બોલ્સેનારો અનેક વાર સમલૈંગિક અધિકાર વિરોધી, સ્ત્રી વિરોધી અને રેસિસ્ટ ટિપ્પણીઓ કરો ચુક્યા છે. બ્રાઝિલની ચૂંટણી પ્રણાલી વિશે ખોટી માહિતી ફેલાવવા બદલ તેમના પર ૨૦૩૦ સુધી જાહેર પદ સંભાળવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે બળવા સંબંધિત પાંચ આરોપો પર તેમનો દોષિત ઠેરવવામાં આવ્યા છે. તેઓ હજુ પણ અપીલ કરી શકે છે.

## ભારતીય માલિકની કર્મચારીએ કુહાડીના ઘા ઝીંકી કરી હત્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

અમેરિકાના ડલાસ શહેરમાં એક ભારતીય મૂળના વ્યક્તિની નિર્દયતાથી હત્યા કરી દેવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ૧૦ સપ્ટેમ્બરે ટેક્સાસના ડલાસ સ્થિત ડાઉનટાઉન સૂટ્સ મોટલમાં થઈ હતી, જ્યાં ભારતીય મૂળના ૫૦ વર્ષીય ચંદ્રમૌલી નાગમલ્લૈયાની પત્ની અને પુત્રની હાજરીમાં કુહાડીથી ગળુ કાપીને હત્યા કરી દેવામાં આવી.આ હુમલો ટેક્સાસમાં ટેનિસન ગોલ્ફ કોર્સ નજીક ઈન્ટરસ્ટેટ ૩૦ નજીક ડાઉનટાઉન સ્યુટ્સ મોટલમાં થયો હતો. ડલાસ પોલીસે હત્યા કેસમાં યોર્ડાનિસ કોબોસ-માર્ટિનેઝને નામના વ્યક્તિ પર શંકા છે. હાલ, પોલીસે હત્યાના આરોપમાં તેની ધરપકડ કરી લીધી છે. જેલના રેકોર્ડ અનુસાર, આરોપી પર બૉન્ડ વિનાની ધરપકડનો આદેશ છે અને તેના પર ઈમિગ્રેશન ડિટેનરનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ચંદ્રમૌલી નાગમલ્લૈયા મોટલમાં તેમની પત્ની અને પુત્ર સાથે હતા ત્યારે તેમણે યોર્ડાનિસ કોબોસ-માર્ટિનેઝ અને તેમની મહિલા સાથીદારને ખરાબ વોશિંગ મશીનનો ઉપયોગ ન કરવા કહ્યું.

પશ્ચિમ રેલવે
વડોદરા મંડળ

મલ્ટી સેક્શન ડિજિટલ એક્સલ કાઉન્ટર (MSDAC) ની ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ

ટેન્ડર સૂચના નંબરઃ S&T /BRC/25-26/16/SIG તારીખઃ ૧૨-૦૯-૨૦૨૫

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા સિનિયર DSTE/વડોદરા ટેન્ડર નંબર SandT_BRC_25-26_16_SIG સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ / સુધારેલી બિડ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **કાર્યનું નામ અને સ્થાનઃ** "પાલેજ-પાનોલી વિભાગઃ ઓટોમેટિક સિગ્નલિંગ વિભાગમાં ડ્યુઅલ એક્સલ કાઉન્ટર્સ દ્વારા AFTC ને બદલવાના કાર્યના સંદર્ભમાં વડોદરા વિભાગના પાલેજ-પાનોલી વિભાગમાં ઓટો-હટ્સ ખાતે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સાથે વડોદરા વિભાગના પાલેજ-પાનોલી વિભાગમાં મલ્ટી સેક્શન ડિજિટલ એક્સલ કાઉન્ટર (MSDAC) ની ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. **કાર્યની અંદાજિત કિંમતઃ 22,41,16,463.68 જમા કરાવવાની બાકી રકમઃ *12,70,600.00 ઈ-ટેન્ડર સબમિટ કરવા અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** 08-10-2025 @ 15:00 કલાક અને 08-10-2025 @ 15:30 **કલાક વેબસાઈટ વિગતો અને સ્થાન માટે સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે વગેરેઃ** સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિ કોમ્યુનિકેશન એન્જિનિયર, બીજો માળ-એનેક્સ બિલ્ડિંગ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-390004

http://www.ireps.gov.in BRC
BRC185
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# શોર્ટ સર્કિટને કારણે થયા હતા ૨૬૦ લોકોના મોત

। અમદાવાદ, તા.૧૩ ।

એર ઈન્ડિયા AI171 વિમાન દુર્ઘટનામાં પીડિતોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરતા મુખ્ય યુએસ એટર્ની માઈક એન્ડ્રૂઝે વળતરની પર્યાપ્તતા પર શંકા વ્યક્ત કરી છે અને બોઈંગના ઉત્પાદન સાથે જોડાયેલી સંભવિત તકનીકી ખામીઓને તપાસ હેઠળના મુખ્ય ક્ષેત્રો તરીકે ચિહ્નિત કરી છે. મોન્ટગોમરી, અલાબામા સ્થિત વકીલ માઈક એન્ડ્રૂઝે જણાવ્યું હતું કે તેમની પેઢી હાલમાં લગભગ ૧૧૦ પીડિતોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરે છે. અત્યાર સુધી અમે લગભગ ૧૧૦ પીડિતોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરીએ છીએ અને તેમાં એવા લોકોનો સમાવેશ થાય છે જે વિમાનમાં અને જમીન પર બંને હતા. તેમણે ઉમેર્યું કે તેમની ટીમ નિષ્ણાતો સાથે કામ કરી રહી છે અને દસ્તાવેજોની સમીક્ષા કરી રહી છે જે આ જીવલેણ દુર્ઘટના પાછળના કારણો પર પ્રકાશ પાડી શકે છે. "અમે અમારા નિષ્ણાતો સાથે કામ કરવાનું ચાલુ રાખીએ છીએ, દસ્તાવેજો એકત્રિત કરી રહ્યા છીએ અને એવા વ્યક્તિઓ સાથે વાત કરી રહ્યા છીએ જેમને અમારી તપાસમાં મદદરૂપ માહિતી મળી શકે છે," તેમણે કહ્યું.

ભારતના એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ ૧૨ જૂનના ક્રેશ પછી તરત જ તેનો પ્રારંભિક અહેવાલ બહાર પાડ્યો હતો, પરંતુ એન્ડ્રૂઝે કહ્યું કે તારણો જવાબો કરતાં વધુ પ્રશ્નો છોડી ગયા છે. "AAIB એ પ્રારંભિક અહેવાલ બહાર પાડ્યો, જે એકદમ ઝડપી હતો પરંતુ ખૂબ જ અવિભાજ્ય હતો અને તેના જવાબો કરતાં વધુ પ્રશ્નો ઉભા થયા," તેમણે જણાવ્યું હતું કે તપાસની ગતિ અગાઉના બોઈંગ કેસ જેવી જ દેખાતી હતી.

એર ઈન્ડિયા દ્વારા પરિવારોને આપવામાં આવતી પ્રારંભિક ચુકવણીઓ વિશે પૂછવામાં આવતા, એન્ડ્રૂઝે તેમને અપૂરતા ગણાવ્યા. "ના, તે ચુકવણી તેમના બાકીના જીવન માટે પૂરતી રહેશે નહીં," તેમણે કહ્યું.

તેમણે ઉમેર્યું કે પ્રારંભિક દસ્તાવેજોમાં સમાવિષ્ટ કેટલીક વળતર જોગવાઈઓ પીડિતોના પરિવારોને બોઈંગ સામે મોટા દાવાઓ કરવાથી રોકી શકતી નથી.

એન્ડ્રૂઝે તપાસ ચાલી રહેલી તકનીકી સિદ્ધાંતો તરફ પણ ધ્યાન દોર્યું, જેમાં એરક્રાફ્ટ કમ્પ્યુટર્સમાં સમસ્યાઓ અને સાધનોના ખાડીઓમાં પાણીના લિકેજનો સમાવેશ થાય છે.

"હાલમાં જે સિદ્ધાંતો પર વિચાર કરવામાં આવી રહ્યો છે તેમાંનો એક એ છે કે વિમાનના આગળ અને પાછળના શૌચાલયોની નીચે પાણીની લાઈનોમાં પાણી લીક થવાનો મુદ્દો, જેમાં ગેલી વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. તે EE ખાડીની ઉપરના વિસ્તારો છે અને તે એવા વિસ્તારો છે જ્યાં કમ્પ્યુટર સાધનો રાખવામાં આવ્યા છે," તેમણે કહ્યું.

તેમણે ચેતવણી આપી હતી કે આવા લીક થવાથી ફ્લાઈટ સલામતી માટે મહત્વપૂર્ણ સિસ્ટમોને અસર કરતી ઈલેક્ટ્રિકલ શોર્ટ થઈ શકે છે.

"પાણી સાધનોના ખાડીઓમાં લીક થઈ શકે છે અને કમ્પ્યુટર ભીના થઈ શકે છે. જો આવું થાય, તો FAA અનુસાર, તે લીક થવાથી ઈલેક્ટ્રિકલ શોર્ટ થઈ શકે છે, જે સલામતી અને ઉડાન માટે મહત્વપૂર્ણ કમ્પ્યુટર અને સાધનોનું નુકસાન થઈ શકે છે... વિમાનના ઉત્પાદક દેખીતી રીતે ઉત્પાદકને છોડતી વખતે વિમાનમાં રહેલી ખામીઓ માટે જવાબદાર છે. તેથી આ કિસ્સામાં, જો બોઈંગ છોડતી વખતે કપલિંગ ખામીયુક્ત હતા, તો બોઈંગને તેના માટે જવાબદાર ઠેરવી શકાય છે. તેવી જ રીતે, જો બોઈંગ આ ઈઈ ખાડીઓ ઉપરના વિસ્તારોમાં યોગ્ય વોટરપ્રૂફિંગ અને સીલિંગ ઈન્સ્ટોલ કરવામાં નિષ્ફળ જાય, તો તેઓ તેના માટે પણ જવાબદાર હોઈ શકે છે જો તે અહીં જે બન્યું તેનું કારણભૂત પરિબળ હોવાનું નક્કી થાય...," તેમણે કહ્યું.

AAIB ના પ્રારંભિક અહેવાલ મુજબ, બંને એન્જિન ઉડાન ભર્યાના ૯૦ સેકન્ડમાં અણધારી રીતે બંધ થઈ ગયા હતા, જેના કારણે ભારે ધક્કો લાગ્યો અને ઝડપથી નીચે ઉતર્યો. આ દુર્ઘટના ભારતના તાજેતરના ઈતિહાસમાં સૌથી ભયંકર ઉડ્ડયન દુર્ઘટનાઓમાંની એક છે, જેના પરિવારો હવે એર ઈન્ડિયા અને બોઈંગ બંને પાસેથી જવાબો અને જવાબદારી માંગી રહ્યા છે.

## ચોટીલામાં રેતી માફિયાઓ પર તવાઈ, ૭.૧૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં ગેરકાયદેસર રેતી ખનન સામે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. ચોટીલાના પ્રાંત અધિકારીની આગેવાની હેઠળ એક મોટી રેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન, મોરસલ ગામ નજીકથી પસાર થતી ભોગાવા નદીના પટમાં ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનનનો પર્દાફાશ થયો હતો. તંત્રના અચાનક દરોડાથી ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ રેડ દરમિયાન, મોટા પ્રમાણમાં મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૭.૧૦ કરોડ જેટલી આંકવામાં આવી છે. આ કાર્યવાહી દર્શાવે છે કે તંત્ર હવે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવી રહ્યું છે.આ દરોડામાં, ગેરકાયદેસર રેતી ખનન માટે ઉપયોગમાં લેવાતા અનેક વાહનો અને હેવી મશીનરી પણ જપ્ત કરવામાં આવી છે. જેમાં રેતી ભરેલા ટ્રક, ટ્રેક્ટર, અને ખનન માટે વપરાતા અન્ય સાધનોનો સમાવેશ થાય છે. આટલી મોટી માત્રામાં મુદ્દામાલ જપ્ત થવાથી ગેરકાયદેસર રેતી ખનનનું નેટવર્ક કેટલું મોટું હતું તેનો અંદાજ લગાવી શકાય છે.

**બદલીના આદેશ થતાં હોય છે**

## અમદાવાદના બે PIની DGPએ વડોદરા બદલી કરી નાંખી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાતના પોલીસ વિભાગમાં છાશવારે બદલીના આદેશ થતાં હોય છે. અમદાવાદમાં ગત ૧૮ ઓગસ્ટે એક સાથે ૩૧ PIની આંતરિક બદલી કરવામાં આવી હતી. પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા લાંબા સમય બાદ બદલીનો આદેશ કર્યો હતો. જેમાં શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટરોની બદલી કરવામાં આવી હતી. હવે રાજ્યના પોલીસ વડાની કચેરી દ્વારા અમદાવાદના બે PIની બદલીના આદેશ આપ્યા છે. બંને PIની વડોદરા ખાતે બદલી કરી દેવામાં આવી છે.અમદાવાદ શહેરમાં બિનહથિયાર ધારી પોલીસ ઈન્સપેક્ટર તરીકે ફરજ બજાવતા એ.આર. ધવન અને એન.જી. સોલંકીની તાત્કાલિક અસરથી બદલી કરવાનો આદેશ રાજ્યના પોલીસ વડાની કચેરી દ્વારા કરવામાં આવ્યો છે. આ બંને પોલીસ ઈન્સપેક્ટરોને વડોદરા ખાતે તાત્કાલિક બદલી કરી દેવામાં આવી છે. બંને પોલીસ ઈન્સપેક્ટરોને હાજર થયા બાદ પોલીસ વડાની કચેરીને જાણ કરવા પણ આદેશ કરાયો છે.અત્યાર સુધીમાં થતી બદલીઓમાં લોકોના અભિપ્રાય અને કર્મચારી કે અધિકારીની કામગીરીને ધ્યાને લેવામાં આવતી હતી. પરંતુ ઉપરોક્ત બંને પોલીસ અધિકારીઓને તેમની બદલીના ઓર્ડરમાં પત્ની નડી ગઈ હોવાનું પોલીસ સુત્રો જણાવી રહ્યાં છે. કારણ કે આ બંને પોલીસ ઈન્સપેક્ટરોની પત્ની અમદાવાદ શહેરમાં DCP તરીકે ફરજ બજાવે છે. એકની પત્ની કંટ્રોલ DCP છે અને બીજાની ઝોન ૩માં DCP તરીકે ફરજ બજાવે છે. આ બંને પોલીસ અધિકારીઓની હવે વડોદરા ખાતે બદલી થતાં અનેક તર્ક વિતર્કો ચર્ચામાં આવ્યા છે.

## ગેનીબહેન ઠાકોર ગળાડૂબ પાણીમાં ઉતરી સ્થિતિની સમીક્ષા કરી

। (એજન્સી) બનાસકાંઠા,તા.૧૩ ।

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદના કારણે સર્જાયેલી તારાજી બાદ બનાસકાંઠાના સાંસદ ગેનીબહેન ઠાકોરે ગળાડૂબ પાણીમાં ઉતરીને અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી. તેમણે ખાસ કરીને વાવ તાલુકાના મોરીખા ગામની મુલાકાત લીધી, જે વારંવાર વરસાદી પાણીથી ડૂબી જાય છે. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિકોની મુશ્કેલીઓ જાણી અને તાત્કાલિક રાહત કાર્યની માંગ કરી હતી. સાંસદ ગેનીબહેન ઠાકોર, કે. પી. ગઢવી સહિત કોંગ્રેસના આગેવાનોએ મોરીખા ગામમાં પાણી ભરાઈ જવાને કારણે સર્જાયેલી ભયાનક પરિસ્થિતિનું જાત નિરીક્ષણ કરવા માટે પાંચ ફૂટ ઊંડા પાણીમાં ચાલીને પહોંચ્યા હતા. ગામના યુવાનો અને સરપંચ સાથે મળીને તેમણે શિવ મંદિરની પાછળની દીવાલ તોડીને પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવા માટે સ્થળ પર જ યુવાનોને જવાબદારી સોંપી હતી. તેમણે જણાવ્યું કે, જેસીબી કે અન્ય મશીનરી જઈ શકે તેવી સ્થિતિ ન હોવાથી આ પગલું ભરવું પડ્યું છે.

## રખડતા શ્વાન મુદ્દે થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં રખડતા શ્વાન મુદ્દે થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં વ્રજવિહાર સોસાયટીના પ્રમુખનું અપહરણ કરી હુમલો કર્યો હતો. હાલ આ સમગ્ર મામલે પોલીસે હુમલાખોર સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, વાસણા રોડની વ્રજવિહાર સોસાયટીમાં થોડા દિવસ પહેલા રખડતા શ્વાનને ભોજન આપવા મુદ્દે નર્મદાબેન પરમાર સાથે એક જ સોસાયટીમાં રહેતા કૃણાલ પટીલ અને સોસાયટીના પ્રમુખ પ્રકાશ પટેલે બોલાચાલી કરી હતી. શ્વાન ગંદકી કરતા હોવાથી તેમને મારી નાખીશું તેવી ધમકી આપી હતી. જેથી નર્મદા બેને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટના બાદ મોડી સાંજે પ્રકાશ પટેલ ઉપર કેટલાક શખસોએ હુમલા કર્યો હતો.આ મામલે પ્રકાશભાઈ નાના ભાઈએ નોંધાવેલી પોલીસ ફરિયાદ અનુસાર, મોડી સાંજે પ્રકાશભાઈ ઘરમાં હતા, ત્યારે કોઈ વ્યક્તિનો ફોન આવ્યો હતો અને મિલકત વેચાણથી લેવી છે તેની વાત કરવાના નામે સોસાયટીની બહાર બોલાવ્યા હતા. પ્રકાશભાઈ સ્કૂટર ઉપર બહાર ગયા ત્યારે એક શખસે તેમનું સ્કૂટર લઈ લીધું હતું અને તેમને કારમાં બેસાડી આગળ લઈ ગયા હતા. ત્યારબાદ પ્રકાશભાઈને માર મારવામાં આવ્યો હતો. તેમણે માર મારવાનું કારણ પૂછતા એક હુમલાખોરે કહ્યું હતું કે અમને પૈસા આપ્યા છે અમે નડિયાદથી મારવા માટે આવ્યા છીએ. હવે પછી શ્વાનને મારશો તો જીવતા નહીં રહો અને બંટીની પણ આવી જ હાલત થશે. તેમ કહી કોઈ હથિયાર વડે હુમલો કર્યો હતો. ત્યાર પછી તેમને કારમાંથી ઉતારી સ્કૂટર પરત સોંપી દીધું હતું. પોલીસે આ ફરિયાદના આધારે વ્રજ, અંકિત અને રામેશ્વર નામના ત્રણ હુમલાખોર સામે ફરિયાદ નોંધી છે.

**લાંબા વિરામ બાદ અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ**

## અમરેલીના રાજુલા, ખાંભા, ધારી અને જાફરાબાદમાં ધોધમાર વરસાદ

। (એજન્સી) અમરેલી, તા.૧૩ ।

લાંબા વિરામ બાદ ફરી એક વખત અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજુલા, ખાંભા, ધારી ગીર અને જાફરાબાદમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને લઈ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. રાજુલા શહેરમાં ભારે વરસાદને લઈ બજારમાંથી પાણી વહેતા થયા છે. ખાંભાના ડેડાણ, માલકનેશ સહિતના ગામમાં વરસાદ વરસ્યો છે. ડેડાણ ગામની બજારમાં નદીની માફક વહેતા થયા પાણી. કાંગસા, સુખપુર, ગોવિંદપુર સહિતના ગામમાં વરસાદ વરસ્યો છે. રાજુલ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદને લઈ રસ્તાઓ પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે. સારા વરસાદથી ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો ખૂશખૂશાલ થયા છે. ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડી રહ્યો છે. લાંબા વિરામ બાદ અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. રાજુલા, ખાંભા, ધારી બાદ જાફરાબાદ પંથકમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે.